### ડિજિટલ ક્રોપનાં સર્વેમાં અન્યાય થયો હોવાથી

# સાવરકુંડલા અને લીલીયા પંથકનાં ખેડૂતોની મદદ માટે પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત મેદાનમાં

### સાવરકુંડલા અને લીલીયાનાં કાર્યાલયનો સંપર્ક કરવો

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત જણાવેલ છે કે, ડીઝીટલ ક્રોપ સર્વે દરમ્યાન સાવરકુંડલા અને લીલીયા તાલુકાનાં ખેડૂતો ઈ–સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવેલ છે અને તેઓને સેટેલાઈટ ઈમેજમાં મગફળી પાક જોવા મળેલ નથી જે બદલનો મેસેજ મળેલ હોય તેવા ખેડૂતોમાં સાવરકુંડલા અને લીલીયા ખાતે ''મદદ કેન્દ્ર'' દ્વારા ખેડૂતોને વિનામુલ્ય વાંધા અરજી કરી આપવામાં આવશે પ્રતાપ દુધાત વધુમાં જણાવવામાં આવે છે કે મગફળી પાકની ટેકાના ભાવે ખરીદી



કરવા માટે તમારા દ્વારા ઈ–સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવેલ છે જે સર્વે નંબર ઉપર અરજી કરેલ છે તેમાં સેટેલાઈટ ઈમેજમાં મગફળી પાક જોવા મળેલ નથી જે બદલનો મેસેજ જે ખેડૂતોને મળેલ હોય તેવા ખેડૂતો માટે સાવરકુંડલા તાલુકાના ખેડૂતો સાવરકુંડલા ખાતે પૂર્વ ધારાસભ્યનાં કાર્યાલય પર તેમજ લીલીયા તાલુકાનાં ખેડૂતો તાલુકા પંચાયતની સામે જરૂરી ડોકયુમેન્ટ લાવવાથી વાંધા અરજી કરી આપવવામાં આવશે. ડોકયુમેન્ટ લાવવા ૧. સમૃદ્ધિ પોર્ટલ પર કરવામાં આવેલ અરજીની નકલ. ૨. નમુના નંબર ૧૨ માં તલાટી કમ મંત્રી દ્વારા કરવામાં આવેલ નોંધણી નકલ ૩. આધાર કાર્ડની નકલ સાથે લાવવા અનુરોધ કરવામાં આવેલ છે.

# સાવરકુંડલા શહેરમાં આવેલ કાંટા ઉદ્યોગ સરકારના નવા નિયમોથી ભારે પરેશાન

સાવરકુંડલા, તા. ૧૮

સમગ્ર ભારતમાં સાવર કુંડલા કાંટા ઉદ્યોગ માટે જગ વિખ્યાત છે અને હાલ ચાઈનાના મશીનો સામે મહામંદીનો સામનો પણ કરી રહ્યું છે. ત્યારે સાવરકુંડલાના આ ઉદ્યોગને આગળ વધારવાને બદલે સરકાર દ્વારા અવનવા અટપટા નિયમોના ગતકડાં કાઢીને ઉદ્યોગને વધુ હેરાન પરેશાનીમાં મૂકી રહ્યા છે એવું કાંટાં ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકો અનુભવી રહ્યા છે. આને લઈને સાવરકુંડલા કાંટા ઉત્પાદકો અને વેપારીઓનો ઉગ્ર વિરોધ દર્શાવી રહ્યા છે.



અમુક નિયમોમાં સરકાર ફેરફાર કરી શકે છે પણ કેમ જાણે હેરાન પરેશાન કરવા માટે જ અવનવા નિયમો કાઢે રાખે છે.

જેમ કે જે ઉત્પાદકોએ કાંટાનું મોડલ એપ્રૂવલ કરેલ છે એને વળી પાછું અમુક સમયમાં મસ મોટી ફી આપીને પાછું એપ્રૂવલ કરાવવું. લાયસન્સ રિન્યુઅલ પ્રોસેસ પણ એકદમ જટિલ છે જે પણ સરળતાથી થઈ જાય એવી હોવી જોઈએ.

કાંટા ઉદ્યોગ વંશ પરંપરાગત ચાલતો આવે છે તો લાયસન્સમાં પણ નોમિનીની નિમણૂંક કરવી એટલી જ જરૂરી છે. સ્ટેમ્પિંગ ફી માં પણ વધારો છે જેને પણ ઘટાડવા માટેની અમારા તરફથી માંગણી કરવામાં આવે છે.

અત્યારે મોદી લોકલ ફોર વોકલની રાહે ચાલે છે પણ અમુક અધિકારીઓ મન ફાવે એવા નિયમો બનાવી રહ્યા છે અને આમાં ચાઈનાના પ્રોડક્ટને આપણા દેશના પ્રોડક્ટ સામે ઊભા કરી રહ્યાં છે જે અમારા મતે અને માટે સદંતર ખોટું છે. જેનો તાત્કાલિક નિર્ણય આવે એ ખૂબ જરૂરી છે. અત્યારે ચાઈનાના કાંટા આવા અમારા લોકલ માટેના નિયમોને કારણે માર્કેટ સર કરવા માંડ્યા છે અને આવા નિર્ણયોને લીધે સરકાર દ્વારા અમારા ઉદ્યોગને મરણતોલ અવસ્થામાં ધકેલી દીધો છે.

ચાઈનાએ હદ સુધી વિસ્તારી દેવામાં આવેલ છે કે તે કાંટામાં નથી સ્ટેમ્પિંગ કરાવતા કે નથી એમાં આવા કોઈ નિયમો લાગુ પડતાં. તો શું આવા નિર્ણયો યોગ્ય છે ? જો આ રીતે ચાઈનાને જ આગળ વધારવું હોય તો અમારે બધાએ અમારા વર્ષો જુના ધંધા આવી સરકારી હેરાનગતિ બંધ કરી આપવા ? આ માટે ગઈકાલે અહીં કાંટા ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકોની એક મિટિંગ યોજાયેલ. આ મિટિંગમાં સર્વાનુમતે આવા કાળા કાયદાનો વિરોધ કરવામાં આવેલ અને જરૂર પડે તો સરકારનો વિરોધ કરવો સુધીના પગલા લેવા પડે એવો નિર્ણય કરવામાં આવ્યો છે.

સાવરકુંડલા ઉદ્યોગ એસોસિયેશન પ્રમુખ ઘનશ્યામભાઈ મશરૂ, પ્રમુખ મહેશભાઈ ડોડીયા, પ્રમુખ કેતનભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ વિપુલભાઈ મકવાણા, ઉપપ્રમુખ નિકુલભાઈ ચુડાસમા, સંગઠન મંત્રી ચેતનભાઈ વાળા, સંગઠન મંત્રી રોનકભાઈ ડોડીયા, મહામંત્રી સંજયભાઈ ડોડીયા, મહામંત્રી કનુભાઈ ડોડીયા, ઓડીટર અનીલભાઈ ગોસાઈ અને સાવરકુંડલા કાંટા એસોશિયેશન પ્રમુખ જયંતિભાઈ મકવાણા, મુકેશભાઈ મકવાણા, નિકુલભાઈ ચુડાસમા, ભાવેશભાઈ હરસોરા તેમજ નામી અનામી દરેક વેપારી દ્વારા આવાં જટીલ કાયદાનો વિરોધ કરવામાં આવ્યો છે. તેમ ઘનશ્યામભાઈ મશરૂની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### નગરજનોમાં નગરસેવકની નિષ્ક્રીયતાથી નારાજગી

# જાફરાબાદમાં પાલિકાનાં શાસકો મનફાવે તે દિવસે પાણી વિતરણ કરીને શહેરીજનોને તડપાવી રહ્યા છે

### લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની હાલત દયનીય બની

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદના સામાકાંઠા અમુક વિસ્તારોમાં ૧૫ દિવસ સુધી જીવન જરૂરી પાણી મળતું નથી. પાણી બાબતે ફોન કરો તો વિતરણ કરે નહીં તો એની મરજી ૧૫ દિવસ થવા છતાં પણ બે જવાબદાર પાલિકા તંત્ર કરી રહીં છે આંખ આડા કાન. જાફરાબાદના સામાકાંઠે આવેલ સાંઈબાબા મંદિરના વિસ્તારોમાં તથા અન્ય વિસ્તારોમાં ઘણા સમયથી પાણી વાપરવા માટે તથા પીવાના પાણી માટે લોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. ૧૫ થી ૨૦ દિવસ સુધી પાણી વિતરણ કરવામાં આવતું નથી. લોકોના છુટકે રૂપિયા ૨૦૦થી ૩૦૦ ખર્ચીને પાણીના ટાંકા મંગાવી રહ્યા છે. પાલિકાને પાણી વેરો આપવા છતાં પણ જીવન જરૂરિયાત પાણી મળતું નથી. નળ ન આવતા અમુક લોકો વરસાદના પાણી વાપરી રહ્યા છે. આ પાણીના લીધે કોલેરા જેવી બીમારી ઉત્પન્ન થઈ તો જવાબદારી કોની..?? ઉનાળાની સીઝનમાં પણ પાણી માટે લોકો વલખાં મારી રહ્યા હતા પરંતુ ચોમાસા દરમિયાન ડેમો જળબંબાકાર થઈ ગયા હોવા છતાં પણ દરિયાઈ વિસ્તારોમાં જીવન જરૂરિયાત પાણી માટે આમ જનતા હેરાન પરેશાન થઈ રહ્યા છે. મોટી મોટી વાતો અને ગુલબાંગો ફેંકા ફેંક કરતા અધિકારીઓ, પદાધિકારીઓ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં પણ આવતી નથી. નાગરિકો માટે જીવન જીવવા માટે પાણી મહત્વનું અંગ હોય ઘરની રસોઈથી લઈને વપરાશ સુધી પાણી ૫ દિવસે મળવું જોઈએ તે જીવન જરૂરી પાણી ૧૫ થી ૨૦ દિવસે વિતરણ કરવામાં આવી રહ્યું છે. તે નાગરિકોના બંધારણીય અધિકાર ઉપર અસર થઈ રહી છે. ગમે ત્યારે વાલ્મેનને ફોન કરો તો કોઈ પણ ગતકડું કાઢવામાં આવી રહ્યું છે. આ બાબતે સુપરવાઈઝરને તા. ૧૬/૯/૨૦૨૫ ના રોજ ફોન કરતાં બે રિંગ કરવા છતાં ફોન ઉપાડયો ન હતો. આ બાબતે નગરપાલિકાના વડા ચિફ ઓફિસરને ફોન કરતા તેઓને આ બાબતે જણાવ્યું હતું કે સુપરવાઈઝરને બે રિંગ કરવા છતાં તેઓ દ્વારા ફોન ઉપાડતા નથી. ૧૫ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નથી ઘટતી કાર્યવાહી કરવા પત્રકાર દ્વારા જણાવેલ. થોડા સમય પછી સુપરવાઈઝરનો ફોન આવતા તેઓએ જણાવેલ કે તમોએ મારી ફરિયાદ ચિફ



ઓફિસરને શા માટે કરી અમોએ જણાવેલ કે તમોને બે રિંગ કરવા છતાં ફોન ન ઉપાડતા અમોએ ચિફ ઓફિસરને જણાવ્યું હતું. સુપરવાઈઝરએ અમોને જણાવેલ કે તમારે કોઈ પણ રજૂઆત હોય તો પ્રમુખને લેખિત આપવી. અમોએ જણાવેલ કે પાણી બાબતે પણ અમારે લેખિત રજૂઆત કરવી અમોએ જણાવેલ કે પાણી બાબતે તેમજ કોઈ પણ જનતાને પડતી સમસ્યા બાબતે અખબારના માધ્યમથી ઉજાગર કરશું. તો સુપરવાઈઝર દ્વારા જણાવેલ કે તમારે અખબારમાં સમાચાર આપવા હોય તો આપી દેવા ફરિ આ બાબતે ચિફ ઓફિસરને જણાવ્યું હતું કે અમો પત્રકાર જનતા જનાર્દનને પડતી હાલાકી અનેક સમસ્યાઓ માટે રજૂઆત કરતા હોય છે અને અખબારમાં પણ સમચાર પ્રસિદ્ધ કરવામાં આવતા હોય છે. પરંતુ ચિફ ઓફિસર દ્વારા અમોને જણાવેલ કે તમે મને ગમે ત્યારે ફોન કરી શકો છો. પરંતુ પાલિકામાં અમુક કર્મચારીઓ પાલિકા પોતાની માલિકીની હોય તેવો રોફ જમાવી રહ્યા છે. આ બાબતે પ્રાદેશિક કમિશ્નર ભાવનગર તથા જીલ્લા કલેકટર અમરેલી બન્ને કચેરી જનતાની સમસ્યાઓનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી આમ જનતામાંથી માંગ ઉઠી રહી છે. હાલમાં માચ્છીમારી સીઝન ચાલું હોય મહિલાઓ પોતાની રોજગારી મેળવવા માટે બુમલા સુકાવવા માટે જતા હોય છે. ઘરે પરત ફરે એટલે પાણી માટે વલખાં મારવાં પડી રહ્યા છે. પાલિકા ચૂંટણી સમયે મોટી મોટી ગુલબાંગો ફેંકી સભ્યો બની ગયા પછી હવે દિવો કરે પણ દેખાતા નથી. નાગરિકોની સમસ્યા વિકટ બની હોય પરંતુ પાલિકા સભ્યો ડોકાવા પણ આવતા નથી. સભ્યો આમ જનતાની સમસ્યાનો નિકાલ કરવામાં આવતો નથી જીવન જરૂરિયાત પાણી લઈને અનેક સમસ્યાઓથી પીડાય રહી છે. આમ જનતા એવામાં વાલ્મેન પોતાની મનમાની ચલાવી રહ્યા છે. આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી ૧૫ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવતું નથી. પાલિકાની અણઆવડતના કારણે લોકોમાં રોષ ભભુકી રહ્યો છે. સાંઈ મંદિર વિસ્તાર તથા અન્ય વિસ્તારમાં પાણી સમયસર વિતરણ નથી કરવામાં આવતું તે બાબતે ચિફ ઓફિસને પત્રકારો દ્વારા સામાકાંઠા વિસ્તારોના પ્રશ્નો રજુ કર્યા હતા તેમાં પાણી બાબતે ચિફ ઓફિસ મેડમને સાંઈ મંદિર વિસ્તાર તથા અન્ય વિસ્તારો માટે સમયસર પાણી વિતરણ કરવામાં આવે તેવું જણાવ્યું હતું. પરંતુ વાલ્મેન પોતાની રીતે તેની રીતે મનફાવે ત્યાં પાણી વિતરણ કરી દેવામાં આવે છે. નગરપાલિકાએ નાગરિક સેવા નહીં આપવામાં હદ વટાવી દીધી. દરિયા કાંઠે જાફરાબાદની સ્થિતિ તરસ્યા નગર જેવી બની ગઈ છે. અહીં જળ વિતરણ વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. વાલ્મેન મનફાવે એ વિસ્તારમાં અને મનફાવે ત્યારે વાલ્વ ખોલીને એમની મન મરજી મુજબ શહેરને પાણી આપે છે. સામાકાંઠાના સાંઈ મંદિરની પાછળના વિસ્તારમાં નવ–દસ દિવસથી પાણી વિતરણ કરવામાં આવ્યું નથી અને આ બાબતેની રજૂઆત ઘણા સમયથી પત્રકાર દ્વારા કરવામાં આવી છતાં પણ પાણી વિતરણ કરવામાં નથી આવ્યું. વાલ્મેન પોતાની રીતે મનફાવે ત્યાં પાણી વિતરણ કરવામાં આવતું હોય અને પત્રકારોને આ સમસ્યા બાબતે આમ જનતા દ્વારા જણાવેલ હોય તે બાબતે અધિકારીઓને પણ આ બાબતે જાણ કરવા છતાં ધ્યાન ઉપર ન લેતા હોય તો આમ જનતાની સાથે કેવો જવાબ આપતા હશે.

### ઉચ્ચ અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચી

# જાફરાબાદની એસ.બી.આઈ ગ્રાહકોને ઉત્તમ સેવા આપવામાં નિષ્ફળ સાબિત

### અમુક કર્મચારીઓની કામગીરી પણ વિવાદાસ્પદ



જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ એસ.બી.આઈ માં અમુક કર્મચારીઓ ગ્રાહકો સાથે ગેરવર્તણૂક અને અભદ્ર ભાષા વાપરી રહ્યા છે. એક અરજદાર દ્વારા ચેરમેન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા ચીફ જનરલ મેનેજર (સી.જી. એમ.) અમદાવાદ તેમજ આસીસટન્ટ જનરલ મેનેજર (એ. જી. એમ.) ભાવનગરને રજુઆતમાં જણાવેલ કે જાફરાબાદ ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાં ૧૬ સપ્ટેમ્બરના રોજ હું બેંક ખાતામાં નોમિની ઉમેરવા માટે એસ.બી.આઈ બેંક હેલ્પિગ ટેબલ પર ગયો હતો પરંતુ ટેબલ પર બેઠેલા કર્મચારીને બેંકના સમય દરમિયાન કોલ આવ્યો હતો અને તેણે મને ફોન દરમિયાન જવાબ આપ્યો ન હતો. તેથી હું લાંબા સમય સુધી રાહ જોતો હતો અને જે યારે તે કર્મચારી મારી પાસે આવ્યો જયારે મેં ફોર્મ અંગે જવાબ માગ્યો ત્યારે તે કર્મચારીએ મારી સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને જવાબ આપ્યો કે થોડી રાહ જુઓ કલાકો સુધી રાહ જોઈ રહ્યા હતા પરંતુ કોઈ ઉત્તર કર્મચારી દ્વારા ગ્રાહકોને આપવામાં આવતો નથી. આ બેંકમાં ગ્રાહકો સાથે ગેરવર્તણૂક કર્મચારી દ્વારા કરવામાં આવી રહ્યા હોય. ઘટતી કાર્યવાહી કરવા અરજદાર દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી ઈમેલ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી છે. જાફરાબાદ બેંકમાં અનેક વખત ગ્રાહકોની સાથે અભદ્ર ભાષા વાપરી રહ્યા હોય તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવતા ગ્રાહકો પોતાની મજુરી પડતી મૂકી વાહનના ભાડા ચુકવી આ બેંકમાં આવતા હોય છે પરંતુ આખો દિવસ થઈ જાય છે. પણ અમુક ગ્રાહકો વિલા મોઢે પરત જવું પડી રહ્યું છે. આ બેંકમાં લંચ ટાઈમનું બહાનું કાઢીને કર્મચારીઓ ચાલ્યા જાય છે. જે કાયદાની વિરૂધ્ધ બાબત છે. હકીકતમાં કોઈ પણ બેંકમાં લંચ ટાઈમ હોતો નથી. બેન્કનો કોઈ એક કર્મચારી જમવા જાય તો તેની જગ્યાએ બીજા કર્મચારીએ ડયુટી પર હોવું જરૂરી છે. આ બેંકમાં ગ્રાહકો માટે પાસબુક ઈસ્યુ કરવામાં આવતી નથી. જેથી કરીને ગ્રાહકો નિરાશ થાય છે. માનસિક ત્રાસ આપવામાં આવે છે. જે ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ મુજબ ગુનો છે. આ બેંકમાં કર્મચારીઓનું ગ્રાહકો સાથેનું બેહુદુ વર્તન દાખવામા આવે છે અને ગ્રાહકો બેંક માંથી ફોર્મ ભરવા વેચટીયો કે જે બેંકની બાજુમાં ફોર્મ ભરે છે. ત્યાં ગ્રાહકોને મોકલી દેવામાં આવે છે. તો શું બેંક કર્મચારીઓનું આ વચેટીયા સાથે સાંઠગાંઠ છે.? તેવું ગ્રાહકો માંથી ચર્ચાઓ થઈ રહી છે તેમજ ગ્રાહકોનું ભારોભાર અપમાન થાય છે. જે બેંક માટે તેમજ જવાબદાર અધિકારી માટે ખુબજ દુઃખ જનક બાબત છે. બેંકમાં રાખવામાં આવેલ પાસબુકનુ એન્ટ્રી પાડવાનુ મશીન અવારનવાર બંધ પડી જાય છે. અહીં બે મશીન હોવા છતાં એકજ મશીન કામ ચલાવવામાં આવે છે. જેથી બહારગામથી ગ્રામ્ય માંથી આવતા ગ્રાહકોને ધર્મનો ધક્કા થાય છે. આ પાસબુકમાં એન્ટ્રી પાડવાના મશીન કાયમી માટે કાર્યરત રહે તેવી અપેક્ષા ગ્રાહકો દ્વારા કરવામાં આવી રહી છે.


# બવાડી પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષકે નવતર પ્રયોગ થકી વિજ્ઞાનના અઘરા કોન્સેપ્ટ સરળ બનાવ્યા



આલેખન : ધર્મેશ વાળા
તસવીર : મધુસુદન ધડુક
માહિતી કચેરી–અમરેલી

ડિજિટલ સ્માર્ટ બોર્ડની સગવડતા ધરાવતી સરકારી શાળાના શિક્ષકો પણ સ્માર્ટ છે! કેટલાક વિષયો બાળકોને ભણવામાં અઘરા લાગતા હોય છે. બાળકોને સરળતાથી પાયાનું શિક્ષણ આપી શકાય ઉપરાંત બાળકો અઘરા લાગતા ટોપિક્સ સરળતાથી સમજીને શીખી શકે તે માટે બવાડી પ્રાથમિક શાળાના શિક્ષક વરૂણકુમાર દવેએ ટેક્નોલોજી આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવી છે. વર્ષ ૨૦૨૫માં જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર વિજેતા વરૂણકુમાર દવે વિજ્ઞાન પ્રેમી જીવ છે. તેમણે ટેક્નોલોજી આધારિત શિક્ષાના વિવિધ નવતર પ્રયોગો હાથ ધર્યા છે. વરૂણકુમારે મેથેમેટિક્સ પઝલ ગેમ્સ એપ ડેવલપ કરી, જેના થકી તેઓ શાળાના બાળકોને વૈદિક ગણિત સરળતાથી શીખવી રહ્યા છે. આ એપમાં ૨ડી અને ૩ડી પરિમાણીય આકૃતિ છે. જેના વડે બાળકો વિજ્ઞાનના અઘરા ગણાતા ટોપિક્સ પણ સરળતાથી ભણી રહ્યા છે. ગુજરાતમાં ૧૦ હજાર બાળકોએ આ એપ ડાઉનલોડ કરી છે. ઉપરાંત આ એપની મદદથી બાળકો વિજ્ઞાનના ૩૬૦ ડિગ્રીના વીડિયોઝ પણ જોઈને શિક્ષણ મેળવી શકે છે. વર્ચ્યુઅલ રિયાલિટી અને ઓગમેન્ટેડ રિયાલિટીની ઉભરતી ટેકનોલોજી થકી શાળાના બાળકો વીઆર બોક્સના માધ્યમથી વિજ્ઞાનના ગહન કોન્સેપ્ટ શીખી રહ્યા છે. માનવ શરીરમાં હ્રદયની કામગીરી, સનતંત્ર અને કંકાલતંત્ર સહિતના અઘરા ગણાતા ટોપિક્સ અને વિજ્ઞાન વિષયને વરૂણકુમાર દવેએઆ નવતર પ્રયોગ થકી એકદમ સરળ બનાવી દીધો છે. આધુનિક ટેક્નોલોજી થકી દુનિયામાં અનેક બદલાવો આવ્યા. શિક્ષકશ્રી વરૂણકુમાર દવેએ 'ડેટા એનાલિસીસ રોબોટ બનાવ્યો છે. જે સ્માર્ટ હેલ્થ મેનેજમેન્ટ સિસ્ટમનો એક મહત્વનો ભાગ ગણી શકાય. વિજ્ઞાનમાં ભણવામાં આવતા ટોપિક્સ જેમ કે, હાર્ટબીટ કેવી રીતે કાઉન્ટ થાય ?, બ્લડ પ્રેશર એટલે શું ? લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ કેટલું હોય ? વગેરે ટોપિક્સનું રોબોટના માધ્યમથી લાઈવ પ્રયોગો કરીને શિક્ષણ મેળવી રહ્યા છે. આ સ્માર્ટ રોબોટના નવતર પ્રયોગ થકી વિજ્ઞાન વિષય પ્રત્યે બાળકોનઓ રસ–રૂચી વપ્રયા છે. વર્ષ ૨૦૨૩માં આયોજિત ભારતીય સાયન્સ ટેક્નો ફેસ્ટમાં આ રોબોટને ગોલ્ડ મેડલ પણ મળ્યો હતો. બાળકો ગણિત અને વિજ્ઞાનના કોયડા, સિપ્રધાંતો, સૂત્રો સરળતાથી સમજી શકે, શીખી શકે તે માટે ગણિત વિજ્ઞાન કીટ અને પોકેટ સાઈઝ ડિક્શનરી સહિતના નવતર પ્રયોગો થકી છેવાડાના અંતરિયાળ વિસ્તારના બાળકોને વરૂણ દવે પાયાની શિક્ષા સરળ રીતે પૂરી પાડી રહ્યા છે. શિક્ષક વરૂણ કુમાર દવેને શિક્ષણનો વારસો પરિવાર પાસેથી મળ્યો. તેઓ વર્ષ ૨૦૧૫થી પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે દિક્ષા ડિજીટલ પોર્ટલમાં ઈ–કોર્સનિર્માણમાં પણ (કોમ્પ્યુટર વિષય) પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. વર્ષ ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ અમલી બની છે. આ શિક્ષા નીતિમાં વ્યાવસાયિક શિક્ષણ પર ભાર મુકવામાં આવ્યો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના 'જીવન શિક્ષણ માસિકમાં મે–જૂન, ૨૦૨૫ અંકમાં વરૂણકુમાર દવે દ્વારા લિખિત વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત લેખ પણ પ્રસિદ્ધિ પામ્યો છે.હવે સરકારી શાળાઓ ડિજિટલ બની છે. સ્માર્ટ બોર્ડના માપ્રયમથી બાળકો સરળતાથી શિક્ષા મેળવી રહ્યા છે. સ્માર્ટ શિક્ષકો શિક્ષા ક્ષેત્રે અવનવા પ્રયોગો અને નવતર અભિગમો થકી શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવી રહ્યા છે. ટેક્નોલોજીનો ઉપયોગ બાળકો પણ સરળતાથી કરી રહ્યા છે. જેના ઉત્કૃષ્ટ હકારાત્મક પરિણામો મળી રહ્યા છે. તાજેતરમાં ગુજરાત સરકારે નવતર પ્રયોગો કરનાર શ્રેષ્ઠ સારસ્વતોને પુરસ્કાર અર્પણ કરીને તેમની શિક્ષણ સેવાને બિરદાવી હતી.

# અમરેલી સ્થિત બી.એ.પી.એસ. ગાંધીબાગ ખાતે 'મેદસ્વિતા મુક્તિ કેમ્પ-વેઇટ લોસ મેરેથોન કેમ્પની સફળ શરૂઆત



મેદસ્વિતા હૃદય રોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, ઘૂંટણ તથા કમર દર્દ, કેન્સર વગેરે ગંભીર બીમારીઓને નોતરે છે, ત્યારે મેદસ્વિતાથી બચવામાં યોગાસનની સાથે પ્રાણાયામ ખૂબ અસરકારક છે. અમરેલી સ્થિત બી.એ.પી.એસ ગાંધીબાગ ખાતે ' મેદસ્વિતા મુક્તિ કેમ્પ–વેઈટ લોસ મેરેથોન કેમ્પની સફળ શરૂઆત કરવામાં આવી છે. આ કેમ્પ તા. ૧૭ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવ્યો છે. જેમાં નિયમિત સવારે ૬ વાગ્યાથી લઈને ૮ વાગ્યા સુધી મેદસ્વિતા મુક્તિ કેમ્પ–વેઈટ લોસ મેરેથોન અંતર્ગત વિવિધ યોગાભ્યાસ, પ્રાણાયામનું આયોજન હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત મેદસ્વિતા મુક્ત ગુજરાત કેમ્પમાં સહભાગી બનવા ૮૦થી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કર્યુ છે. અમરેલી ખાતે નિઃશુલ્ક યોગ વર્ગ શરૂ છે જેમાં ૧ હજારથી વધુ લોકો નિયમિત રીતે યોગાભ્યાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન અંતર્ગત સમગ્ર રાજયમાં તા. ૧૬ ઓકટોબર–૨૦૨૫ સુધી મેદસ્વિતા દુર કરવા માટે ૭૫ સ્થળોએ ૧૦૦ લોકો સાથે ૩૦ દિવસીય રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પનો હેતુ લોકોએ યોગ અને આહાર થકી મેદસ્વિતા કઈ રીતે દુર કરવી ? તે વિષયક યોગ આસનો, પ્રાણાયામ, ડાયટ વગેરેની જાણકારી આપવામાં આવશે. ઉપરાંત યોગાસેશનનું પણ આયોજન કરવામાં આવશે. સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનમાં અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકો જોડાય તે માટે અમરેલી સ્થિત ગુજરાત રાજય યોગ બોર્ડના જિલ્લા કોર્ડિનેટર સાગર મહેતા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અમરેલી ખાતે શ્રીમાળી સોની પ્રગતિ મહિલા મંડળ દ્વારા વેલકમ નવરાત્રિ યોજાઇ



અમરેલી, તા.૧૮

વીસા શ્રીમાળી સોની પ્રગતિ મહિલા મંડળ દ્વારા આયોજીત વેલકમ નવરાત્રીનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં સોની સમાજની મહિલા સંચાલિત પ્રગતિ મહિલા મંડળ દ્વારામાં નવદુર્ગાની આરાધના કરવામાં આવી હતી. પ્રમુખ સોનલબેન રાજપરા ઉપપ્રમુખ ખ્યાતિબેન ચાંપાનેરી, આરતીબેન ચાંપાનેરી તેમજ મહિલા મંડળની તમામ બહેનોના સહયોગથી સુંદર આયોજન કરવામાં આવ્યું અને ખેલૈયા બહેનોને પ્રોત્સાહિત ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું અજમેરા સ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું.

## ''સ્વસ્થ નારી, સશક્ત પરિવાર'' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ કેમ્પનું આયોજન

**કેમ્પમાં કેન્સર જેવા રોગોની પ્રાથમિક તપાસ ઉપરાંત ઈ.એન.ટી, આંખ વગેરેની તબીબી સેવાઓ મળશે**

અમરેલી, તા.૧૮

''સ્વસ્થ નારી, સશકત પરિવાર'' અભિયાનના ભાગરૂપે અમરેલી જિલ્લાના ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

''સ્વસ્થ નારી, સશકત પરિવાર'' અભિયાન અંતર્ગત આયોજિત હેલ્થ કેમ્પમાં મહિલાઓનું આરોગ્ય સ્ક્રિનિંગ, માતા અને બાળ સંભાળ, જાગૃતિ અને વર્તન પરિવર્તન, નીઃક્ષય મિત્ર નોંધણી, રકતદાન કેમ્પ વગેરે આરોગ્યલક્ષી બાબતો કેન્દ્ર સ્થાને રહેશે.

વહીવટી તંત્રના આયોજન મુજબ કુંકાવાવ સામૂહિક આરોગ્ય કેન્દ્ર –સીએચસી ખાતે તા. ૧૯/૯/૨૦૨૫ના રોજ હેલ્થ કેમ્પ યોજાશે. તેવી જ રીતે વડીયા સી.એસ.સી ખાતે તા. ૨૧/૯/૨૦૨૫ના, ખાંભા ખાતે તા. ૨૨/૯/૨૦૨૫, બાબરા અને જાફરાબાદના સી.એસ.સી ખાતે તા.૨૩/૯/ ૨૦૨૫, દામનગર અને વીજપડી સીએસસી ખાતે તા.૨૫/૯/૨૫, વંડા અને ચલાલા સી.એસ.સી ખાતે તા. ૨૬/૯/૨૦૨૫ અને લીલીયા, બગસરા તથા ધારી સીએચસી ખાતે તા. ૩૦/૯/૨૦૨૫ના હેલ્થ કેમ્પ યોજાશે.

આ હેલ્થ કેમ્પમાં લોકોને ઈએનટી, આંખ, બીપી, ડાયાબિટીસ ચેક અપ, કેન્સર (મોં, સ્તન અને ગર્ભાશય)ની ચકાસણી, રસીકરણ, ગર્ભવતી મહિલાઓની પૂર્વ પ્રસુતિ તપાસ, એનિમિયા સ્તરની ચકાસણી, ટેલીમેડિસિન, ક્ષયરોગ–ટીબી સિકલસેલ એનિમિયા વગેરેની તપાસ કરી આપવામાં આવશે. આમ, ''સ્વસ્થ નારી સશકત પરિવાર'' અભિયાન અંતર્ગત આયોજિત હેલ્થ કેમ્પ અને કાર્યક્રમોનો જાહેર જનતાને મહત્તમ લાભ લેવા માટે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયાએ અનુરોધ કર્યો છે.

## બગસરા ખાતે ૨૬ સપ્ટેમ્બરે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧૮

જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૬/૯/૨૫ને શુક્રવારના રોજ દાતા હિતેશભાઈ બહીરવાની–મુંબઈના સૌજન્યથી ૬૨૭મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસ ૨૬–૯–૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હાસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગાની યાદીમા જણાવેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઇનની કિ-ચેઇન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઇલ સ્ટેન્ડ ■ પેપર વેઇટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઇ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636


નવરાત્રી પ્રી-બુકિંગ ઑફર્સ ઘરે લઈ આવો હીરો
બુકિંગ શરૂ ₹5100* થી
વધારાનું કેશ ડિસ્કાઉન્ટ ₹1000*
Hero
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254


MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• શુધ્ધ ઘીમાં મોહનથાળ...
• શુધ્ધ ઘીમાં બુંદી...
• શુધ્ધ ઘીમાં મગીયા લાડુ...
• વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...

શુધ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.


Shreeji HOSPITAL
ડૉ. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
• હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
• લાંબા સમયથી રુજાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
• કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
• સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com


YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZ-S Fi
lord of the streets
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪


HONDA
આજના દિવસની ખાસ ઓફર
મેળવો ₹7500* સુધીનો લાભ
ACTIVA 110
ACTIVA 125
Shine 100
SP 125
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ

ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઇટલ કિલયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શું તમને સાંભળવાની તકલીફ છે ?

• કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
• બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

### રાહુલ ગાંધીએ ફરી એકવાર મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો

# દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોના રક્ષક બની ગયા છે


## દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઇજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે : દેશની લોકશાહી હાઇજેક થઈ ગઈ છે : રાહુલ

નવી દિલ્હી, તા.૧૮

રાહુલ ગાંધીએ વોટ ચોરી મુદ્દે વધુ એક સનસનીખેજ આક્ષેપ કર્યો છે. તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન તેમણે કેટલાક પુરાવા રજૂ કરીને દાવો કર્યો હતો કે, 'દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે. દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. દેશના વોટ ચોરોને મુખ્ય ઈલેક્શન કમિશર જ છાવરી રહ્યા છે, જેના મારી પાસે સચોટ પુરાવા છે. હવે હું વોટ ચોરી મુદ્દે ટૂંક સમયમાં જ હાઈડ્રોજન બોમ્બ ફોડવાનો છું.' નોંધનીય છે કે, હાલમાં જ રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા પૂર્ણ થઈ છે.

આ અંગે વધુ વાત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મારું કામ લોકશાહી પદ્ધતિમાં ભાગ લેવાનો છે. તેની સુરક્ષા કરવાનું નથી. ભારતના ઈન્સ્ટિટ્યુશન્સ આ કામ કરી રહ્યા નથી. તેથી હું તેમનું કામ કરી રહ્યો છું. મારું કામ સત્ય બહાર લાવવાનું છે. ભારતની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. તેને દેશના લોકો જ બચાવી શકશે.

મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મહારાષ્ટ્રની રજોરા વિધાનસભા બેઠકમાં ઓનલાઈન વોટ ઉમેરવામાં આવ્યા હતા. કર્ણાટક સીઆઈડીએ ચૂંટણી પંચ પાસે માર્ચ મહિનામાં વોટ ચોરી મામલે માહિતી મગાવી હતી, જેમાં જેની જરૂર હતી તે સિવાય અન્ય તમામ વિગતો સીઆઈડીને આપી. સીઆઈડીએ આ મામલે ચૂંટણી પંચને ૧૮ રિમાન્ડર પત્રો લખ્યા. ચૂંટણી પંચના કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને છાવરી રહ્યા છે. અમારી માગ છે કે, જ્ઞાનેશ કુમાર કર્ણાટકની સીઆઈડીને એક સપ્તાહની અંદર તમામ પુરાવા આપો.રાહુલ ગાંધીએ સનસનીખેજ આક્ષેપો કરતાં કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને બચાવી રહ્યા છે. આ દાવાના મારી પાસે પુરાવા છે, જેને નકારી શકાય નહીં. આ પુરાવા બ્લેક એન્ડ વ્હાઈટ છે. અમારી પાસે પુરાવા છે કે દેશભરમાં લઘુમતી, દલિતો, આદિવાસી અને ઓબીસીના લાખો વોટ કાઢી નંખાયા છે. આ ખાલી વિપક્ષના વોટ કાપવાની ટ્રીક છે. કર્ણાટકની આલંદ વિધાનસભા બેઠકનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં અહીં ૬૦૧૮ મતો કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક બીએલઓએ જોયું કે તેમના કાકાનો વોટ જ કાઢી નાખવામાં આવ્યો છે. જાણવા મળ્યું કે આ એક પાડોશીના નંબર પરથી થયું છે. જ્યારે તેમણે પાડોશી સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે તેમને ખબર પણ નથી કે કેવી રીતે કાઢી નાખવામાં આવ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે અન્ય રાજ્યોના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને ઓનલાઈન ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ગોદા બાઈ નામની એક મહિલાનું ઉદાહરણ પણ આપ્યું. તેમના નંબર પરથી કુલ ૧૨ વોટ ડિલીટ કરાયા હતા અને તેમને તેની જાણ પણ નહોતી.તેમણે સૂર્યકાંત નામના બીજા વ્યક્તિના નામે ૧૨ લોકોના નામ ડિલીટ થવાનું ઉદાહરણ પણ આપ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે માત્ર ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભરાઈ ગયા. આટલા ઓછા સમયમાં બે ફોર્મ કેવી રીતે ભરાઈ શકે? વધુમાં, આ સમય પણ સવારે ૪:૦૭ વાગ્યાનો હતો.રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં મતદાર ગોડાબાઈનો વીડિયો બતાવી વોટ ચોરી મુદ્દે વાત શરુ કરી હતી. તેમણે કહ્યું કે, હું પુરાવા સાથે મારી વાત કહી રહ્યો છું. દેશના દલિત અને ઓબીસી ટાર્ગેટમાં છે. હું આપણા દેશ અને બંધારણને પ્રેમ કરું છું. હું બંધારણની રક્ષા કરીશ. કર્ણાટકના આલંદમાં ૬૦૧૮ મતદારોના નામ દૂર કરી દેવામાં આવ્યા. રાહુલ ગાંધીના હાઈડ્રોજન બોમ્બના નિવેદન પર શરદ પવારે જણાવ્યું કે, દેશની નોન-ભાજપ પાર્ટીઓએ પહેલી વાર આ મુદ્દે સંસદની બહાર દેખાવો કર્યા છે. જેમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે ઉપસ્થિત હતા. ૩૦૦ સાંસદ સંસદ છોડી રસ્તા પર ઉતર્યા છે, જેને નજરઅંદાજ કરી શકાય નહીં. ચૂંટણી પંચે આ મામલે પોતાનું વલણ બદલવું જોઈએ. અમે વાતચીત અને ચર્ચામાંથી પીછેહટ કરવાનો પ્રયાસ કર્યો નથી.



### શિક્ષણ સમિતિનાં ચેરમેનના પિતાનાં મહાલય શ્રાધ્ધ પ્રસંગે

# અમરેલીમાં પાલિકા સંચાલિત તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવાયો

### તપોવન આશ્રમનાં તપસ્વીઓને પણ ભોજન કરાવાયુ



અમરેલી, તા. ૧૮

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષીના સ્વર્ગસ્થ પિતાશ્રી લાભશંકર ભવાનીશંકર જોષીના મહાલય શ્રાધ્ધ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં બાળકોને અલ્પાહાર કરાવેલ તથા સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓને ભોજન કરાવવામાં આવ્યું.

# રાજુલામાં સમસ્ત પ્રજાપતિ કુંભાર સમાજ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો


અહેવાલ : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૮

રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ વડોદરા પ્રેરિત રાજુલા તાલુકા પ્રજાપતિ શિક્ષણ સમિતિ રાજુલા આયોજિત સમસ્ત પ્રજાપતિ કુંભાર સમાજ રાજુલા સ્નેહ મિલન અને નવમો તેજસ્વી પ્રતિભા સન્માન સમારંભ કાર્યક્રમ શ્રી વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડીમાં યોજાયો.કાર્યક્રમની શરૂઆતમાં તમામ આમંત્રિત મહેમાનોને કુમકુમ તિલક કરી અને તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ રણછોડભાઈ ગોહિલ દ્વારા તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. નાની નાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત પણ રજૂ કરવામાં આવેલું. આ કાર્યક્રમમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલા તેમજ દાતાઓનું પણ સન્માન કરવામાં આવેલું. પ્રજાપતિ સમાજના તમામ જ્ઞાતિ આગેવાનો અને જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં જોડાયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભુપતભાઈ પાંડવ દ્વારા કરવામાં આવેલું. કાર્યક્રમ અંતે મંત્રી અમિતભાઈ ટાંકે આભાર દર્શન કરી અલ્પાહાર સાથે કાર્યક્રમ પૂર્ણ કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમને લાઈવ પ્રસારણ મનસુખભાઈ વાઘેલા (વાઘેલા આર્ટ્સ) દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર રાજુલા તાલુકા પ્રજાપતિ શિક્ષણ સમિતિના સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલી.

### નાયબ દંડક અને સાસંદની ઉપસ્થિતિમાં

# અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનનો દબદબાભેર શુભારંભ થયો

### શહેરીજનોને સફાઈ અભિયાનમાં સહભાગી બનવા અનુરોધ



અમરેલી,તા.૧૮

અમરેલી નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫ '' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં નગરપાલિકા કક્ષાનો ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ અભિયાનની થીમ મુજબ ''સ્વચ્છોત્સવ''ને કેન્દ્રમાં રાખી નગરપાલિકા વિસ્તારમાં ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટસ, બ્લેક સ્પોટ, જાહેર બજાર, જાહેર રોડ રસ્તા, રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે ઉપરાંત સ્વચ્છતા લક્ષિક એકમો (CTU) અને બ્લેક સ્પોટની સાફ–સફાઈ ઝુંબેશનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ અભિયાનમાં જનભાગીદારી અને સ્વંયસેવી સંસ્થાના સહયોગથી દૈનિક ધોરણે સ્વચ્છતાના કાર્યક્રમો યોજાશે. તા. ૨૨ સપ્ટેમ્બર,૨૦૨૫ સુધી અમરેલી શહેરમાં એસ.ટી. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા ટેક્સી સ્ટેન્ડ, જાહેર પાર્કિંગના સ્થળો, શહેરી વિસ્તારના રીંગ રોડ, ઐતિહાસિક સ્થળો, ધાર્મિક સ્થળો, સાર્વજનિક અને ટ્રેકિંગ, કેમ્પિંગ સ્થળો પર સાફ સફાઈ કરવામાં આવશે.

તા. ૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન શહેરોમાં આવેલ નદી વિસ્તાર, તળાવો, સરોવરો, વરસાદી પાણીના નાળા સહિતના સ્થળો ઉપરાંત તા.૭ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન શહેરના વિવિધ સર્કલ, ખુલ્લા પ્લોટ, પ્રતિમાઓ વગેરે સ્થળો, તા. ૧૪થી ૨૦ ઓક્ટોબર દરમિયાન વાણિજય વિસ્તારો, એ.પી.એમ.સી, શાકભાજી માર્કેટ, સ્ટ્રીટ ફૂડ માર્કેટ સહિતના સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ યોજાશે.

અમરેલી નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' અભિયાન પ્રારંભ પ્રસંગે અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બીનાબેન કાલેણા, અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા ખાતે હજરત હાફીઝ હાજી નૂરમોહમ્મદ સાહેબના ઉર્ષની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૮

ગુજરાતના કાઠીયાવાડ પ્રાંતના તત્કાલીન સમયના અજોડ અને બેમિસાલ તોહીદ (એકેશ્વર વાદ) ને (ઈન્સાનિયત) માનવતાના સંદેશને માનવજાત સુધી પહોંચાડનાર પોતાના સમયના શ્રેષ્ઠ સુફિ તમામ ધર્મના લોકો માટે સમાન રીતે એક સુફીની પરંપરા નિભાવનાર શહેનશાહે કાઠીયાવાડ અને અલ્લાહના ખૂબ જ મકબુલ વલી હઝરત હાફિઝ હાજી નૂર મહંમદ ઉર્ફે હાફીસા બાપુના નામથી સમગ્ર પંથકમાં પ્રખ્યાત એવા અલ્લાહ વલી (અલ્લાહના દોસ્ત) નો ઉર્શ તારીખ ૧૬ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સાવરકુંડલાના નવા કબ્રસ્તાન ખાતે આવેલ તેમના મજાર મુબારક પર ખૂબ જ કોમી એકતા અને ભાઈચાર સાથે ઉજવવામાં આવ્યું હતું જેમાં શહેરના તમામ સમાજના લોકો હાજર રહીને બાપુ સાહેબની દુઆઓથી માલામાલ થયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં વિવિધ ધાર્મિક સંતો મહંતો રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા આ ઉર્સના પ્રસંગ ઉપર સવારે સે પ્રથમ દરૂદ ખવાની મિલાદ શરીફ કુરાન ખ્વાની સહિતના વિવિધ કાર્યક્રમો થયા હતા જેમાં બાપુ સાહેબના અસંખ્ય ચાહકો હોય હાજર રહ્યા હતા ત્યારબાદ સમગ્ર શહેરમાંથી હજારોની સંખ્યામાં લોકોએ બાપુ નિયાઝનો પણ લાહવો લીધેલ હતો. ત્યારબાદ રાત્રે આ કાર્યક્રમ સૈયદ હાજી અહેમદ મુનીર બાપુ કાદરી એ તકરીર ના પ્રોગ્રામમાં વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા ત્યારબાદ ભારતના મશહૂર મેલાના અબ્દુલ રસીદ સાહેબ બહેરાઈચ યુપી વાળાની પણ શાનદાર તકરીર નો કાર્યક્રમ રાખ્યો હતો ત્યાર પછી આ તકરીર સાંભળીને લોકોએ નારે તકદીર અલ્લાહુ અકબરના નારા લગાડ્યા હતા શાનદાર તકરીરના પ્રોગ્રામ બાદ રાત્રે પણ નિયાઝનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. જેમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાદીમ સૈયદ પીર બાપુ કાદરી તથા હજરતહાફીઝ હાજી નૂર મહંમદ મેમોરિયલ ટ્રસ્ટના સભ્યોએ તેમજ હાફિઝ સાહેબ ઉર્શ. નિયાઝ કમિટીના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપેલ હતું તેમજ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાવરકુંડલા ટાઉન પોલીસ સાવરકુંડલા રેલવે પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓએ ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો

# સાવરકુંડલામાં ૬૦ વર્ષથી મુસ્લિમ પરિવાર બનાવે છે નવરાત્રિનો શણગાર



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં ધાર્મિક સમરસતા અને કળાપ્રેમનું અનોખું ઉદાહરણ જોવા મળે છે. અહીં એક મુસ્લિમ પરિવાર છેલ્લા ૬૦ વર્ષથી હિન્દુ સમાજના નવલાં નોરતામાં ઉપયોગમાં આવતાં પરંપરાગત ગરબીના શણગાર બનાવે છે. આ કાર્ય માત્ર રોજગાર પૂરતું નથી પરંતુ એક અનોખી સાંસ્કૃતિક પરંપરા, કળા અને સામાજિક સમરસતાનો જીવંત દાખલો છે.

સાવરકુંડલાના મહમદભાઈ વાઘેલા જણાવે છે કે તેમના પરિવારે દાદા–પરદાદાના સમયથી ગરબીના શણગાર બનાવવાની પરંપરા શરૂ કરી હતી, જે આજ સુધી યથાવત્ છે. તેઓ કહે છે કે, 'અમારે માટે આ માત્ર કામ નથી, પરંતુ માતાજી પ્રત્યેનો ભાવ અને એક પરંપરા જાળવી રાખવાનો સંકલ્પ છે.' શહેરમાં યોજાતી મોટાભાગની ગરબીમાં શણગાર આપવાની જવાબદારી વર્ષોથી તેમના પરિવારે સંભાળી છે.

ગરબીના શણગાર ખાસ કરીને કાગળમાંથી તૈયાર કરવામાં આવે છે. આ કાગળની કળા દ્વારા ફૂલ, હાર, પાંખડી અને અન્ય અનેક આકર્ષક ડિઝાઈન બનાવવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ બધું હાથથી તૈયાર થાય છે. કટિંગ, મપિંગ અને ડિઝાઈન બનાવવા માટે ખૂબ જ ધીરજ અને સર્જનાત્મકતા જરૂરી છે. એક ફૂલનો ભાવ આશરે ૫૦ રૂપિયા મળે છે, પરંતુ તે બનાવવા માટે કલાકો સુધી મહેનત કરવી પડે છે.મહમદભાઈ જણાવે છે કે આ કામ માટે તેઓ ચાર–ચાર મહિના સુધી પૂર્વ તૈયારીઓ કરે છે. દરેક ડિઝાઈનમાં કુશળતા અને નાનામાં નાની વિગતોનું પ્રયાન રાખવામાં આવે છે. આજના મશીન યુક્ત યુગમાં પણ તેઓ હાથથી બનાવેલા શણગાર જાળવી રાખે છે, જેથી પરંપરાની સુંદરતા ખોવાઈ ન જાય. આ શણગારની બીજી મહત્વની વિશેષતા એ છે કે તેપર્યાવરણને નુકસાન પહોંચાડતું નથી. ઈકો–ફ્રેન્ડલી કાગળમાંથી બનેલા આ ફૂલ અને હાર બાદમાં કુદરતી રીતે નષ્ટ થઈ જાય છે, જેથી કોઈ કચરો કે પ્રદૂષણ ફેલાતું નથી. આ રીતે કળા સાથે પર્યાવરણ પ્રેમનું સંતુલન પણ જળવાય છે.

# અમરેલી : નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિને સેવા કાર્ય



અમરેલી, તા. ૧૮

નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી દ્વારા આપનું એસએસસી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિન નિમિત્તે ગાયત્રી મંદિર પાસે આવેલ સૂર્ય ટીંબા પાટીયા પાસે સુડીયા ટીંબા પાસે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા નાના ભૂલકાઓને નાસ્તો કરાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ મંત્રી મનીષભાઈ સિદ્ધપુરા, યુવા મોરચા પ્રદેશ ઉપાધ્યક્ષ પ્રશાંતભાઈ પરમાર, પ્રદેશ કારોબારી સભ્ય ગૌરવભાઈ મહેતા, અમરેલી જિલ્લા યુવા મોરચા મહામંત્રી સહદેવભાઈ મકવાણા , ઉપપ્રમુખ સચિનભાઈ કવા, કારોબારી સભ્ય અશ્વિનભાઈ મકવાણા, મયુરભાઈ ખાનપરા વગેરે લોકો એ જહેમત ઉઠાવી જન્મદિનની ઉજવણી કરી હતી.

# દામનગરનાં સુપ્રસિધ્ધ શ્રી કુંભનાથ મહાદેવ મંદિરે ગ્રીન આર્મી ટીમ દ્વારા વૃક્ષ મંદિર રોપણ


તસ્વીર : નટુ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૧૮

દામનગર શહેરમાં પુરાણોમાં પ્રસિધ્ધ શિવાલય શ્રી કુંભનાથ મહાદેવ મંદિર પરિસરમાં અઢારેય આલમ સમસ્ત શહેરીજનોની ઉપસ્થિતિમાં સુરત સ્થિત ગ્રીન આર્મી ટીમના સૈનિકો દ્વારા બ્રહ્મા વિષ્ણુ મહેશ સ્વરૂપ એકજ કયારામાં ત્રિદેવ વૃક્ષ મંદિર મંત્રોચારની ધ્વનિ વચ્ચે રોપાયું ૧૧ સપ્ટેમ્બરે સ્વરાજ આશ્રમ બારડોલીથી પ્રસ્થાન સરદાર સન્માન યાત્રા ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિરના પરિસરના ૨૨ સપ્ટેમ્બરે વિસર્જન થશે. સોના સરદાર સ્લગોન સાથે રાજયના ૧૯ જિલ્લાઓનાં ૬૨ તાલુકાઓનાં ૩૬૫ જેટલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી પસાર થનાર સરદાર સન્માન યાત્રા રૂટ ઉપર આવતા ગામોમાં દૈનિક ત્રીસથી વધુ વૃક્ષ મંદિર નિર્માણના સંકલ્પથી ગત તારીખ ૫ સપ્ટેમ્બરે વૃક્ષ મંદિરો નિર્માણ અભિયાન સાથે સુરતની પ્રકૃતિ પ્રેમી સંસ્થાન ગ્રીન આર્મી ટીમના જવાનો આજે પુરાણોમાં પ્રસિધ્ધ શિવાલય શ્રી કુંભનાથ મહાદેવ મંદિર પરિસરમાં વૃક્ષ મંદિર રોપણ માટે પધારતા સમસ્ત દામનગર શહેર ભરમાંથી દરેક સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિ સામાજિક સ્વૈચ્છિક ધાર્મિક શૈક્ષણિક સંસ્થા ઓનાં સૂત્રધારોની સાક્ષી એ વૃક્ષ મંદિર રોપાયું હતું. છોડ માંજ રણછોડના દર્શન મહિમાને મૂર્તિમંત્ર બનાવી પર્યાવરણનું બેનમુન કાર્ય કરતી ગ્રીન આર્મી ટીમને સત્કારવા ખૂબ મોટી સંખ્યામાં દરેક સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓનાં અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક અગ્રણીઓ દ્વારા ગ્રીન આર્મી ટીમની સેવા સમર્પણ અને સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યે આભાર વ્યક્ત કરાયો હતો.

### ''પ્રકૃતિની રક્ષા એ મારૂ પૃથ્વી ઉપરનું ભાડુ છે''

# દામનગરમાં સરદાર પટેલ કન્યા છાત્રાલયની ૧૦૮ દિકરીઓની પ્રતિજ્ઞા, અન્નદાનથી શ્રેષ્ઠ વિદ્યાદાન છે


તસ્વીર : નટુ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૧૮

દામનગર શહેરમાં પરમાર્થ ટ્રસ્ટ સુરત સંચાલિત સરદાર પટેલ કન્યા છાત્રાલયની મુલાકાતે પધારતા ગ્રીન આર્મીના જવાનો વિના મૂલ્યે પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ માટે પરમાર્થ ટ્રસ્ટ સુરત દ્વારા પ્રારંભાયેલ વિદ્યાદાન અભિયાન હેઠળ સૌરાષ્ટ્ર ભરના અનેક તાલુકા ઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી નિઃશુલ્ક રહેવા જમવા સાથે ઉચ્ચ અભ્યાસ મેળવતી ૧૦૮ દિકરીઓ દ્વારા ગ્રીન આર્મી ટિમનો સત્કાર પરમાર્થ ટ્રસ્ટના ભરતભાઈ માગુકિયા સહિતના સમગ્ર પરમાર્થ ટ્રસ્ટ સુરતના તમામ ટ્રસ્ટીઓ ઉદારદિલ દાતા ઓની દુરંદેશીને વંદન કરતા સમગ્ર ગ્રીન આર્મી ટિમના જવાનોએ જણાવ્યું હતું કે અન્નદાનથી પણ ચડિયાતું વિદ્યાદાન છે.

અન્ન ક્ષણિક તૃપ્ત કરે છે. જયારે વિદ્યા જીવન તૃપ્ત કરે છે પરમાર્થ ટ્રસ્ટના દાતાઓની ઉદારતા એ પ્રારંભાયેલ સરદાર પટેલ કન્યા છાત્રાલયમાં આગામી દિવસોમાં ૧૦૦૮ દિકરીઓને વિના મૂલ્યે પ્રવેશ આપવાની ક્ષમતા સાથે દિકરીઓને આત્મનિર્ભર બનાવવાના સેવાયજ્ઞથી હજારો દિકરીઓ આર્થિક અને સામાજિક ઉન્નત બનશે. જે સમસ્ત નારી જગત માટે ગૌરવ રૂપ બનશે. સરદાર કન્યા છાત્રાલયમાં પધારેલ ગ્રીન આર્મી ટિમનું પ્રકૃતિ રક્ષાની હૃદયસ્પર્શી પ્રાર્થનાથી સત્કાર કર્યો હતો. ગ્રીન આર્મી ટીમે ૧૦૮ દિકરીઓને પ્રકૃતિના જતન જાળવણી માટે સુંદર સંદેશ આપતા જણાવ્યું હતું કે વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેર એ મારી નૈતિક ફરજ છે પ્રકૃતિની રક્ષા એ મારૂ પૃથ્વી ઉપરનું ભાડું છે.

# અમરેલી જિલ્લામાં રહસ્યમય કુવો – ક્યારેય ન સૂકાય, ગ્રામજનો માટે જીવનરક્ષક બની ગયો




અમરેલી જિલ્લો કુદરતી સૌંદર્ય, પરંપરા અને રહસ્યમય કથાઓ માટે જાણીતો છે. અહીં અનેક ગામોઅનેપ્રાકૃતિકચમત્કારોછે, પરંતુ તેમાં એક ખાસ છે – રહસ્યમય કુવો. આ કુવો વિશેની કથા અને હકીકતો સાંભળનારનેઅચંબામાંમૂકીદેતેવીછે. દેવશીભાઈ રબારી, જેમની પાસેઆશરે ૨૦વીઘા જમીન છે, તેમણે જણાવ્યું કેઆ જમીનમાં જ આ અનોખો કુવો આવેલો છે. કુદરતી મહેર તરીકે ઓળખાતા આ કુવાના કદની વાત કરીએ તો તે લગભગ ૮૦ફૂટ ઊંડો અને ૨૫ ફૂટ પહોળો છે. વર્ષો પહેલા અહીં માત્ર નાનો વિરડો, એકખાડો હતો, પરંતુ સમય જતાં તેને સરખો અને મજબૂત બનાવવામાં આવ્યો છે. આજે તે વિસ્તારના લોકો માટે જીવદાતા બની ગયો છે. આ કુવાની વિશેષતા એ છે કે ડિસેમ્બર મહિના સુધી આમાંથી સતત પાણી બહાર નીકળે છે. આટલો ઊંડો કુવો હોવા છતાં પાણી કદી અટકતું નથી, જાણે કોઈ નદીની જેમ વહેતું રહે. આજુબાજુમાં આશરે ૪૦ જેટલા કુવા આવેલા છે, પરંતુ ગરમી કે ઉનાળાની ઋતુમાં એ બધા સુકાઈ જાય છે. પરંતુ આ રહસ્યમય કુવો કદી ખાલી નથી થતો. ખેડૂતો અને ગામના લોકો માટે આ પાણી જીવનરક્ષક સાબિત થાય છે. જયારે અન્યત્ર પાણી ખૂટી જાય છે, ત્યારે ગામજનો આ કુવા પર આધાર રાખે છે. કુદરતી ચમત્કાર એટલો જ નહિ, પણ આ કુવાની બીજી રહસ્યમય બાબત એ છે કે ડિસેમ્બર પછી તેનો સ્વભાવ બદલાઈ જાય છે. ડિસેમ્બર મહિના પછી કુવા અંદર પાણી ભરાવા લાગે છે, જાણે કે કુદરતનું પોતાનું સંતુલન ચાલે છે. પાણીની આવક સતત રહે છે છતાં કુવામાં એક પણ બોર કરાયો નથી. આજુબાજુના વિસ્તારના લોકો આ કુવા પર જળ માટે આધાર રાખે છે અને તેનો પૂરેપૂરો લાભ મેળવે છે. ખાસ વાત એ છે કે વાડી વિસ્તારના મુખ્ય માર્ગ પર એક અવેડો બનાવવામાં આવ્યો છે, જયાં આ કુવાના પાણી નાખવામાં આવે છે. જેથી ગામના લોકો, પશુઓ અને પ્રવાસીઓ સૌને પાણી ઉપલબ્ધ થાય છે. આ કુવો માત્ર પાણીનો સ્ત્રોત નથી, પરંતુ માનવી અને પ્રકૃતિના સહઅસ્તિત્વનું જીવંત ઉદાહરણ છે. આ કુવો ગામના લોકો માટે આશીર્વાદ સમાન છે. તેનો રહસ્ય એ છે કે અન્ય કુવો ખાલી થઈ જાય ત્યારે પણ આ કદી સૂકો નથી થતો. વૈજ્ઞાનિકો માટે તે અભ્યાસનો વિષય બની શકે, પરંતુ ગામના લોકો તેને કુદરતની દેવીય ભેટ માનતા આવ્યા છે. કુદરતના આ અદભુત ચમત્કારને કારણે ગામના લોકો પાણીની કમીનો સામનો કરવો પડતો નથી. આ રીતે અમરેલી જિલ્લાના આ રહસ્યમય કુવો પ્રકૃતિની અદ્‌ભત શકિતનું પ્રતિક છે. તે પાણીના અભાવ સામે સંઘર્ષ કરનારા ખેડૂતો અને ગ્રામજનો માટે જીવનરક્ષક બનીને ઉભો રહ્યો છે. આ કુવો માત્ર એક પાણીનો સ્ત્રોત નથી, પરંતુ માનવી અને પ્રકૃતિ વચ્ચેની અખૂટ કડી છે, જે આજ સુધી અનોખા રૂપે ટકી રહી છે.

### વર્ષ–૨૦૨૫નું અંતિમ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ

## રવિવારે ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે

### ભારતમાં ગ્રહણ સંબંધી વેધાદિ નિયમો સુતક–બુતક બોગસ



રાજકોટ, તા. ૧૮

અમદાવાદ : દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં રવિવાર તા. ૨૧ મી સપ્ટેમ્બરે ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં આ ગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહ પેસિફિક, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, ઓસ્ટ્રેલિયા અને ફિજીમાં આહ્‌લાદક જોવા મળશે. અવકાશમાં ૪ કલાક ૨૪ મિનિટની અવધિમાં ગ્રહણ જોવા મળવાનું છે. તેની રસપ્રદ માહિતી–જાણકારી માટે દેશભરમાં ભારત જન વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૧ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને રવિવાર તા. ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૨૫ કન્યા રાશિ, ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો બનવાનો છે. આ ગ્રહણ ભારતના લોકો જોઈ શકશે નહિ જયારે ગ્રહણ પેસિફિક, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, એટલાન્ટિક, દક્ષિણ ઓસ્ટ્રેલિયા, ફિજીમાં આહલાદક જોવા મળશે. આ પ્રદેશોમાં માનવ કલ્યાણકારી સંશોધનો માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમજ મુજબ **ગ્રહણ સ્પર્શ :** ૨૨ કલાક ૫૯ મિનિટ ૪૩ સેકન્ડ, **ગ્રહણ મધ્ય :** ૨૫ કલાક ૧૧ મિનિટ ૫૯ સેકન્ડ, **ગ્રહણ મોક્ષ :** ૨૭ કલાક ૨૩ મિનિટ ૪૫ સેકન્ડ, **ગ્રહણનું ગ્રાસમાન :** ૦.૮૫૩ રહેશે. **ગ્રહણની અવધિ :** ૪ કલાક ને ૨૪ મિનિટની રહેશે. વર્ષનું અંતિમ ગ્રહણ જોવામાં ભારતના લોકોને નિરાશા સાંપડશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ છતાં રાજયમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ ગામે ગામે આપનાર છે. અવકાશી ચંદ્રગ્રહણો કે સૂર્યગ્રહણો માત્ર ને માત્ર અવકાશી પરિભ્રમણ અને ભૂમિતિની રમત છે. ગ્રહણોની ખગોળીય ઘટનાનો વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો માટે કરે છે. આ વર્ષે વિશ્વના વૈજ્ઞાનિકોએ ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ફિજીમાં પડાવ નાખી દીધો છે. તેઓ ગ્રહણની અસરો, સંશોધનો, પશુ–પક્ષી અને તેની ગતિવિધિનો અભ્યાસ કરે છે અને ટી.વી. ઉપર ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. કરોડો માઈલ દૂર ગ્રહણ થાય છે તેની માનવજીવન ઉપર કશી જ અસર થતી નથી તેવી હકિકત મુકે છે. માનવ સુખાકારીની ચિંતા કરતા હોય છે. જયારે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જૂની રદ્દી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્રને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ–ક્રિયાકાંડો, વેધાદિ નિયમો સૂતક–બૂતક ઠોકી, શારીરિક–માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ કર્યું છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન–પુણ્ય, જપ–તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ–ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા–રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં અભિયાન હાથ ધર્યું છે.વધુમાં એડવોકેટ પંડયાએ જણાવ્યું કે જાથાની રાજય અને રાષ્ટ્રીય કચેરી ખંડગ્રાસ સૂર્યગ્રહણની અલભ્ય તસ્વીરો લોકો સમક્ષ મુકશે. સાડા ચાર કલાકની ગ્રહણની ગતિવિધ ટી.વી. ઉપર અદ્દભુત જોવા મળશે. ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. રાજયમાં જાથાની રાજય કચેરી અને પ્રાદેશિક કચેરી તેની શાખાઓ ગ્રહણ સંબંધી જાણકારી, લોકચળવળ ઉભી કરવા કાર્યક્રમો આપનાર છે. લેભાગુઓના ફળ કથનો અને પંચાગનું ગતકડું મુકવામાં આવે છે કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ એટલે ગ્રહણ પાળવાનું નથી. આ એક પ્રકારનું ગતકડું જ છે. ભારતમાં ગ્રહણ દેખાય તો પાળવાનું વિગેરે આગાહીકારોનો વિશ્વાસ કરવો નહિ. ગ્રહણ વખતે રાશિ ફળકથનો, નિવારણ વિધિઓ, ભૌગોલિક અસર વિગેરે લેભાગુઓના મનની પેદાશ છે. હકિકત નથી તેથી કોઈપણ જાતના કર્મકાંડ કરવાની જરૂર નથી. જાથાએ પોતાના વિચાર રજૂ કર્યા છે, માનવું કે માનવું સૌને હક્ક છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, શુભ–અશુભ, લાભ–નુકશાન, હોની–અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક – કુદરતી નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ–તપ, અનુષ્ઠાન, પૂજાવિધ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશીર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા–દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ–હવન, જપ–તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધઃપતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની લેભાગુઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર–દેવસ્થાન બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની–કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા–દેવા નથી. માનવીએ ચંદ્ર–મંગળ ઉપર પગ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર–મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃત્તિના દર્શન કરાવી તેના મંત્ર–જાપ કરી નંગની વીંટી પહેરી મુર્ખામીનું પ્રદર્શન કરે છે. રાજયમાં ગ્રહણની વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો આખરી તબક્કામાં છે.

જાથાની વિચારધારા સાથે સંમત તથા માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

## બાબરા : શ્રી નીલકંઠ મહાદેવ મંદિરે ભાજપ દ્વારા પૂજન અર્ચન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર ભાજપ પરિવાર ધ્વારા સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ તેમજ ધાર્મિક સામાજિક અને પર્યાવરણ લક્ષી કામગીરી કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે શહેર ભાજપ ધ્વારા અહીં બાબરા શહેરમાં આવેલ પૌરાણીક શિવાલય શ્રી નીલકંઠ મહાદેવના મંદિરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ લલિતભાઈ ખોખરીયા, દેવશીભાઈ મારૂ, કરીમભાઈ કોટડીયા, રમેશભાઈ સાંગડીયા, કલ્પેશભાઈ ખખ્ખર, ભરતભાઈ રંગપરા, સહિતના ભાજપના અગ્રણીઓ જોડાયા હતા. અહીં મહાદેવને રુદ્રભિષેક કરી પ્રધાનમંત્રીના નિરોગી દીર્ઘાયુ માટે મંગલ કામના કરવામાં આવી હતી.

## બાબરાનાં સુકવડા ગામે ૫ હજાર વૃક્ષોનુ થયુ વાવેતર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકામાં સુકવળા ગામે પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાના વન મહોત્સવની ભવ્ય ઉજવણી લાઠી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના અધ્યક્ષ સ્થાને કરવમાં આવી હતી ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ બાબતે લોકોને માહિતી અને સમજણ આપી દરેકે વૃક્ષોનું ઉછેર અને જનત કરવા અપીલ કરી હતી આ તકે ધારાસભ્ય દ્વારા વૃક્ષરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ તાલુકાના ગામડે ગામડે જઈ પર્યાવરણ લક્ષી જાગૃતિ ફેલાવશે અને વૃક્ષનુ વિતરણ કરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય પી.ડી. કોઠીવાડ, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર તેમજ તાલુકા પંચાયતના સદસ્ય સુકવડા ગામના ગ્રામોજનો પ્રાથમિક શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ વન વિભાગના કર્મચારી મયુરભાઈ પરમાર, આર.બી. કેસરિયા, હિરલબેન જે ખેર, આર.આર. પઢારિયા, કીર્તિરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## પીપળલગ–રીકડીયા રોડનું લોકાર્પણ

## રૂા.૨૫૦ લાખના ખર્ચે ગામોને મળશે સુવિધા



અમરેલી, તા. ૧૮

અમરેલીમાં ગ્રામ્ય વિકાસના માર્ગ પર એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. પીપળલગ ખાતે અંદાજિત રૂા. ૨૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પીપળલગ–રીકડીયા રોડનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું. આ નવા માર્ગના નિર્માણથી સ્થાનિક ગામલોકો તથા મુસાફરોને સીધો લાભ મળશે. લોકાર્પણ સમારંભે સ્થાનિક આગેવાનો, પંચાયત પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જણાવાયું કે આ માર્ગના નિર્માણથી પીપળલગ, રીકડીયા તેમજ આસપાસના ગામો વચ્ચે આવનજાવન સરળ બનશે. સાથે જ કૃષિ ઉત્પાદનના પરિવહનથી લઈને શિક્ષણ, આરોગ્ય અને રોજગાર સુધીની સુવિધાઓ વધુ ઝડપી રીતે ઉપલબ્ધ થશે. સ્થાનિક આગેવાનો દ્વારા આ માર્ગને વિસ્તાર માટે "જીવનરેખા" ગણાવાયો હતો. તેમણે જણાવ્યું કે લાંબા સમયથી લોકો આ માર્ગની રાહ જોઈ રહ્યા હતા અને હવે આ સ્વપ્ન સાકાર થયું છે. ગામલોકોએ આ પ્રોજેક્ટ માટે સરકાર તથા લોકપ્રતિનિધિઓનો આભાર વ્યકત કર્યો હતો. પીપળલગ–રીકડીયા રોડનું લોકાર્પણ વિસ્તારના સર્વાંગી વિકાસ તરફ એક મોટું પાયાનું પગલું માનવામાં આવી રહ્યું છે.

### અન્ય લાઈટ, સિરિજ, ફુલહાર અને તોરણ સહિત

## બાબરામાં નવરાત્રિનું પર્વ નજીક આવતા માતાજીના ગરબા ચુંદડી સહિતના સ્ટોલ લાગ્યા

### માતાજીના મઢના શણગાર સ્ટોલ પર મળી રહ્યો છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

નવરાત્રીનું પર્વ નજીક આવતા શહેરમાં માતાજીના ગરબા ચુંદડી સહિત ફુલહાર અને તોરણના શહેરમાં સ્ટોલ લાગી રહ્યા છે અને લોકો ખરીદી કરી કરવા ઉમટી પડયા છે. આગામી સોમવારે માતાજીના આરાધનાનું પર્વ હોવાથી તમામ વર્ગ નવરાત્રિના પર્વની ઉજવણી પૂર્ણ ભક્તિભાવસાથે કરતો હોય છે. ત્યારે બાબરા શહેરમાં માતાજીના શણગાર માટેના તમામ શણગાર માટેના સ્ટોલ અહીં રોડપર લાગી ગયા છે. અહીં ભાવનગર રોડપર શક્તિ સ્ટોલ ધરાવતા રાહુલભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે શહેર અને તાલુકાના લોકોને એકજ જગ્યાએ માતાજીના શણગાર મળી રહે તે માટે અહીં સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે.

તેઓ વધુમાં જણાવ્યું હતું કે અમારે ત્યાં માતાજીના રંગબેરંગી અને આકર્ષક માટીના ગરબા રૂ ૫૦ થી ૩૦૦ સુધીના અને માતાજીની નવરંગી ચુંદડી પણ દરેક સાઈઝ અને ભાવમાં મળી રહે છે. આ સિવાય મોતીના પારા અને ફુલના હાર તેમજ કચ્છી તોરણ પણ મળી રહે છે તેમજ સિરિજ અને ધૂપ અગરબત્તી સહિત તમામ નવરાત્રીમાં ઉપયોગી શણગાર અને માતાજીના મઢમાં ઉપયોગમાં લેવામાં આવતો દરેક શણગાર અહીં મળી રહે છે. તેવું જણાવ્યું હતું. ભાવની બઝારમાં વેપારીઓ દ્વારા જણાવ્યું હતું કે સામાન્ય રીતે દરેક વસ્તુઓમાં થોડો ઘણો ભાવ વધારો વર્ષે જોવા મળતો હોય છે પણ પણ વરસમાં એકવાર નવરાત્રી આવતી હોય અને શ્રધ્ધાનો વિષય હોવાથી ગ્રાહકોમાં કોઈ ભાવ વધારો વધુ હોય તેવું લાગતું નથી અને ખરીદીમાં તેની કોઈ અસર જોવા મળતી નથી.

# અમરેલી નગર સેવા સદન દ્વારા સ્વચ્છતા જાગૃતિ અંગે રેલી યોજાઈ




સરકારના સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ કાર્યક્રમ અંતર્ગત અમરેલી નગર સેવા સદન દ્વારા આજે શહેરીજનો વેપારીઓને સ્વચ્છતા અંગે સ્વયંમ જાગૃત સ્વચ્છાગ્રહી બનવા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રેલીનું નગરપાલિકા કચેરીએથી સવારે પ્રસ્થાન કરવામાં આવેલ હતું. જે રેલી નાગનાથ ચોક, રાજકમલ ચોક, ટાવર રોડ, રામજી મંદિર રોડ, લાયબ્રેરી રોડથી પરત કચેરીએ વિસર્જન થયેલ હતી. જયાં આ રેલીમાં જોડાયેલ નગરજનો / વિદ્યાર્થીઓ તેમજ નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, ચીફ ઓફિસર, સદસ્ય હરિભાઈ કાબરીયા, અમીનભાઈ તુલશીભાઈ મકવાણા ઉપસ્થિત રહી સ્વચ્છતાના શપથ લેવામાં આવેલ હતા.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ટાવર ચોકમાં**

લગાવવાનો નિર્ણય કર્યો હતો અને હાલ તેમની ચાર ઉત્પાદનો પર આ સીમ્બોલ લગાવવાનું શરૂ પણ કરી દીધું છે. ટુંક સમયમાં ગુજરાતની પ્રખ્યાત સ્વદેશી કોલ્ડ્રીંકસ બનાવતી "દાવત" કંપની પણ તેના પીણા પર આ લોગો અને સીમ્બોલ લગાવવાનું શરૂ કરનાર છે.

આ અભિયાનને આગળ વધારવાના અનુકંપા ફાઉન્ડેશન દ્વારા એક વિશિષ્ઠ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં તા. ૨૧ મી સપ્ટેમ્બરના રવિવારે બપોરે ૧૧ વાગે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે દુકાનો પર સ્ટીકરો લગાડાશે.

આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પી.પી. સોજીત્રા, હીરેનભાઈ હિરપરા, મુકેશભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા, યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેશે.

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરી, કાર્યકારી પ્રમુખ હરેશભાઈ સાદરાણી, ટાવર ચોક વેપારી એસોસિએશનના હિતેષભાઈ પોપટ, અમરેલી વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, સંજયભાઈ વણઝારા, મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનના દિનેશભાઈ ભુવા, શૈલેષભાઈ ચૌહાણ, અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરના ભગીરથભાઈ ત્રિવેદી, અમરેલી ચેમ્બર ઓફ કોમર્સના હાર્દિકભાઈ સેંજલીયા, મનોજમામા, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના લલિતભાઈ ઠુંમર, કાળુભાઈ સુવાગીયા, રાકેશભાઈ સાવલીયા, મુકેશભાઈ રાદડીયા, ઈન્દીરા શોપીંગ સેન્ટરના પ્રમુખ યોગેશભાઈ કોટેચા, મહામંત્રી જીલુભાઈ વાળા, યુનિટી વેપારી ગૃપના પરેશભાઈ પારેખ, મુકુંદભાઈ ગઢીયા, નટુભાઈ મસોયા તથા કરીયાણા એસોસિએશનના ગિરીશભાઈ ભટૃ, યોગેશભાઈ ગણાત્રા, બાબુભાઈ કાબરીયા, હરેશભાઈ ટાંક, હકુભાઈ ચૌહાણ, ટાવર ચોક વેપારી એસોસિએશનના રણજીતભાઈ ડેર, જયસુખભાઈ જોગાણી, પ્રદિપભાઈ વસાણી, બંટીભાઈ અજમેરા, દિલીપભાઈ પરીખ, પોપટલાલ દામાણી, મગનલાલ વાંજા, અનીલભાઈ કણકીયા, નિલેષભાઈ ધોળકીયા, કૈલાશભાઈ પારેખ, શૈલેષભાઈ ધકાણ, મહેશભાઈ રાયચા,

ગીરીશભાઈ ઝીંઝુવાડીયા, અમિતભાઈ ઝીંઝુવાડીયા, હાર્દિકભાઈ કાત્રોડીયા, હિતેષભાઈ આડતીયા, વિરલભાઈ પરીખ, ભાવેશભાઈ સોઢા, આનંદભાઈ પોપટ, દિનેશભાઈ સોલંકી (ભગત), પ્રિતેશભાઈ માનસેતા, સંજયભાઈ ચોકસી, દિનેશભાઈ કંસારા, ચંદ્રેશભાઈ ધોળકીયા, મનીષભાઈ કંસારા, મુકેશભાઈ કાલેણા, હિંમતભાઈ પારેખ, પ્રકાશભાઈ મહેતા, પ્રફુલભાઈ વડેરા, મહેન્દ્રભાઈ મહેતા, ગોપાલભાઈ ઝીંઝુવાડીયા, ચિંતનભાઈ અરાડવા, ભરતભાઈ દાવડા, અમરભાઈ કોઢીયા, નિતીનભાઈ રાજપરા, કિશોરભાઈ કારીયા, રજનીભાઈ પાટડીયા, કલ્પેશભાઈ ભડીઆદરા, પિયુષભાઈ વાવડીયા, નરેન્દ્રભાઈ વાંઝા, નવનીતભાઈ રાજપરા, મુકેશભાઈ પરીખ, અશ્વિનભાઈ પરીખ, અશોકભાઈ અટારા, ભરતભાઈ ચંદારાણા, હિતેષભાઈ ધકાણ, વર્ષીલભાઈ ગાંધી, લાલાભાઈ સેલાણી, સુવર્ણકાળ સંઘના અશ્વિનભાઈ પરીખ, સંજયભાઈ ચોકસી, નીલકંઠ જવેલર્સના કેતનભાઈ ધોળકીયા, નીતિનભાઈ રાજપરા, ચંદ્રેશભાઈ ધોળકીયા દ્વારા કાર્યક્રમની તડામાર તૈયારી થઈ રહી છે.

આ ઉપરાંત વિવિધ વ્યાવસાયિક સંગઠનોના પ્રતિનિધિઓ– રિટેલ પાન બીડી મર્ચન્ટ એસોસિએશનના હસુભાઈ ડોબરીયા, હોલસેલ પાન બીડી મર્ચન્ટ એસોસિએશનના ભગુભાઈ બુટાણી, કલોથ મર્ચન્ટ એસોસિએશનના નટુભાઈ મસોયા, રેડીમેડ ગારમેન્ટ મર્ચન્ટ એસોસિએશનના મયુરભાઈ સાગલાણી, માર્બલ એન્ડ સેનેટરીવેર એસોસિએશનના લાલભાઈ પોકાર, હોલસેલ ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશનના અશોકભાઈ અટારા, ફુટવેર મર્ચન્ટ એસોસિએશનના પ્રવિણભાઈ વાઘેલા, ફુડ એન્ડ વેજીટેબલ મર્ચન્ટ એસોસિએશનના ઘનશ્યામભાઈ રૈયાણી, હાર્ડવેર એન્ડ પ્લાયવુડ મર્ચન્ટ એસોસિએશનના કિશોરભાઈ વાગડીયા, ગિફ્ટ આર્ટિકલ એન્ડ ટોઈસ મર્ચન્ટ એસોસિએશનના જયભાઈ અડાલજા, સુવર્ણકાર સંઘના અશ્વિનભાઈ પરીખ, મોબાઈલ મર્ચન્ટ એસોસિએશનના હાર્દિકભાઈ સેંજલીયા, કટલેરી મર્ચન્ટ એસોસિએશનના વિવેકભાઈ વ્યાસ, આઈટી હાર્ડવેર એન્ડ સોફ્ટવેર એસોસિએશનના જીતુભાઈ વેકરીયા, કેટરર્સ એસોસિએશનના જયેન્દ્રભાઈ શિંગાળા, અનાજ કરિયાણા રિટેલ મર્ચન્ટ એસોસિએશનના ચતુરભાઈ અકબરી, ફુલહાર એસોસિએશનના અશોકભાઈ જોગાણી, હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના અવિભાઈ કોરાટ, ફાસ્ટફુડ એસોસિએશનના ગોપાલભાઈ ટાંક, મેટલ મર્ચન્ટ એસોસિએશનના હરીશભાઈ કંસારા, ઓટો પાર્ટસ મર્ચન્ટ એસોસિએશનના જીગ્નેશભાઈ સાવલીયા, જીઆઈડીસી એસોસિએશનના ચંદુભાઈ ચાવ, એગ્રો અને જંતુનાશક દવા વિક્રેતા એસોસિએશનના કે.બી. ગોંડલીયા, સ્ટેશનરી મર્ચન્ટ એસોસિએશનના ઉમેશભાઈ સંઘવી, લાઠી રોડ બાયપાસ વેપારી એસોસિએશનના સંજયભાઈ વણજારા, મેડિકલ એસોસિએશનના જયેશભાઈ પંડયા, બેકરી એસોસિએશનના અશોકભાઈ તનવાની, ટેઈલર એસોસિએશનના રમેશભાઈ ખોરાસીયા, શેર બ્રોકર એસોસિએશનના ભુપેન્દ્રભાઈ સંપટ, ઓટો મોબાઈલ એસોસિએશનના આનંદભાઈ પરીખ, મીઠાઈ ફરસાણ એસોસિએશનના શાંતિલાલ ડોબરીયા, એફ.એમ.સી.જી. ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશનના શરદભાઈ સાદરાણી, ફર્નિચર એસોસિએશનના અશ્વિનભાઈ ડોડીયા, ઈલેકટ્રીક ગુડસ મર્ચન્ટ એસોસિએશનના વિનુભાઈ તળાવીયા, ક્ષોર કર્મ એસોસિએશન અમરેલીના નીતિનભાઈ હિરાણી, પ્લાસ્ટિક એન્ડ પેકીંગ મટીરીયલ મર્ચન્ટ એસોસિએશનના મનોજભાઈ મીરાણી, કેટલફીડ મર્ચન્ટ એસોસિએશનના કવિતભાઈ મહેતા, હાઉસહોલ્ડ એન્ડ કેમિકલ મર્ચન્ટ એસોસિએશનના નયનભાઈ પરસાણીયા, હોમ એપ્લાયન્સીસ મર્ચન્ટ એસોસિએશનના ભાવિકભાઈ ગઢીયા, મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનના દિનેશભાઈ ભુવા, એસ્ટેટ બ્રોકર એસોસિએશનના નીતિનભાઈ જોષી, વિડીયો લેબ/ફોટોગ્રાફર એસોસિએશનના નરેશભાઈ કથીરીયા, સ્ટીલ એન્ડ સિમેન્ટ મર્ચન્ટ એસોસિએશનના સંજયભાઈ મહેતા, ટ્રાન્સપોર્ટર એસોસિએશનના ભાવેશભાઈ ગજેરા, ગ્રાફિકસ એન્ડ પ્રિન્ટિંગ એસોસિએશનના ભાવિનભાઈ ભટૃ, બિલ્ડિંગ કોન્ટ્રાકટર તથા બિલ્ડર્સ એસોસિએશનના હિંમતભાઈ સોળીયા, મ્યુચુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશનના આનંદભાઈ ઝીંઝુવાડીયા, ટાયર મર્ચન્ટ એસોસિએશનના રીધેશભાઈ નાકરાણી, સાયકલ મર્ચન્ટ એસોસિએશનના વિવેકભાઈ ગઢીયા, કુરિયર સર્વિસ એસોસિએશનના વિજયભાઈ ભાદીંગજી, આંગડિયા સર્વિસ એસોસિએશનના ભાવેશભાઈ સોઢા, મિનરલ વોટર સપ્લાયર એસોસિએશનના વિનુભાઈ દુધાત, ઓઈલ એન્ડ લુબ્રિકન્ટ મર્ચન્ટ એસોસિએશનના વિજયભાઈ સંઘવી, મંડપ કોન્ટ્રાકટર એસોસિએશનના ગોરધનભાઈ માંડલીયા, લેબોરેટરી એસોસિએશનના અનિલભાઈ આડતીયા, ટેકસબાર એસોસિએશનના કિરણભાઈ વિઠ્ઠલાણી, કાર ઓટો પાર્ટસ એન્ડ એસેસરિઝ એસોસિએશનના ભાવેશભાઈ રાઠોડ, વોટર ફિલ્ટર મર્ચન્ટ એન્ડ ટેકનિસિયન એસોસિએશનના ભાર્ગવભાઈ પંચોલી, ટિમ્બર એસોસિએશનના મુળજીભાઈ પોકાર, ઓઈલ મીલ એસોસિએશનના કાર્તિકભાઈ મેતલીયા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહયા છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૦ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં | ૫૨૫ | ૫૩૫ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | શીંગદાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |

પાના ૧ ઉપરનું ચાલું

**બગસરા ખાતે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં**

પહોંચી ન વળતા અમરેલી ફાયર વિભાગનીની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી મહામહેનતે આગ સવારના સમયે કાબૂમાં આવી હતી. જોકે એસબીઆઈના અધિકારીઓ મોડે સુધી બ્રાંચ ઉપર આવ્યા ન હતા. માત્ર સામાન્ય કર્મચારીઓને મોકલી સર્વે કરાવવાનો ઢોંગ કર્યો હતો. તેમજ કેટલી વસ્તુ નુકસાન થયું છે તે જાણવામાં લોકોને પણ કોઈ પ્રકારના વ્યવસ્થિત જવાબ આપવામાં ના આવતા જે લોકોના અગત્યના દસ્તાવેજ તેમજ ઝવેરાત બેંકમાં હતા તેમના ાસ પણ અધર થઈ ગયા હતા. એકંદરે બેંકના કર્મચારીઓ લોકોને વિસ અપાવવામાં નબળા પુરવાર થયા હતા. આગને કારણે બેંકનું ફર્નિચર તેમજ છતનો ભાગ બળીને રાખ થઈ ગયો હતો. મોટાભાગના કોમ્પ્યુટર તેમજ બેંકની સેન્ટ્રલ એ.સી. સિસ્ટમ પણ બળીને રાખ થઈ ગઈ હતી. આમ અલારમ સિસ્ટમ ફેલ થતાં બેંકને મોટા પાયે નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું

**અમરેલી જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વેમાં**

ખેતરોમાં પાકની લણણી ચાલી રહી છે તથા પથ્થરાઓ ખેતરોમાં પડેલા છે. આવા સંજોગોમાં આ ડિજિટલ ક્રોપ સર્વે કેટલી હકીકતસભર સાબિત થશે તે એક પ્રશ્નાર્થ છે.

આ અગાઉ પણ અતિવૃષ્ટિના પ્રસંગે અમરેલી જિલ્લાના ખેડૂતોને સહાયમાં ન્યાય મળ્યો નહોતો. કૃષિ પેકેજ સહાયની જાહેરાત છતાં એક જ ગામમાં એક ખેડૂતને સહાય આપવામાં આવી અને બીજાને વંચિત રાખવામાં આવ્યા હતા, જે સરકાની વાલા–દ્વલા નીતિ દર્શાવ છે. ત્યારે ખેડૂતોને પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે કે શું ખેડૂતોને માત્ર મૃગજળ બતાવવામાં આવી રહ્યું છે? કે પછી ખેડૂતો ખેતી છોડીને સતત લાઈમાં ઉભા રહેવા માટે મજબૂર થવાનું છે?

અતએવ અંતે અમારી સરકારને વિનંતી છે કે સર્વેની ખામીઓ દુર કરી વાસ્તવિક આંકડાઓ સાથે ખેડૂતોનો સર્વે કરવામાં આવે. સરકાર જાતે સ્થળ પર આવી ખેડૂતોને સહકારમાં રાખીને સર્વે કરે અને ખેડૂતોની ફરી કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી રાહત તથા સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૬૫૦ | ૯૨૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૭૫ | ૧૮૩૩ |
| ૩ | તલ કાળા | ૩૮૦૦ | ૪૨૧૨ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૫૬ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૫૯૧ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | – |
| ૧૨ | મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | રાય/રાયડો | – | ૧૫૦૦ |
| ૧૪ | ધાણા | ૮૦૧ | – |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૭૫ | ૧૦૮૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૮૦૫ | ૮૦૫ |
| ૩ | શિંગ મોટી | ૬૫૦ | ૧૦૯૭ |
| ૪ | શિંગદાણા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૯ | ૨૦૫૫ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૪૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૪૦ | ૨૩૬૨ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૫૬૧ |
| ૯ | જુવાર | ૬૫૨ | ૬૫૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૧૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૯ | ૫૭૨ |
| ૧૨ | મકાઈ | ૪૪૫ | ૬૮૫ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૬૩૬ |
| ૧૪ | અડદ | ૮૩૦ | ૧૩૯૯ |
| ૧૫ | ચણા | ૮૯૦ | ૧૧૩૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૧૨ | ૧૦૯૧ |
| ૧૭ | તુવેર | ૮૦૦ | ૧૦૯૯ |
| ૧૮ | કપાસ | ૮૩૫ | ૧૫૫૨ |
| ૧૯ | એરંડા | ૧૧૮૫ | ૧૨૬૭ |
| ૨૦ | જીરૂ | ૩૨૫૦ | ૩૫૭૧ |
| ૨૧ | ધાણા | ૧૧૩૩ | ૧૪૨૦ |
| ૨૨ | મેથી | ૮૫૫ | ૮૮૬ |
| ૨૩ | સોયાબીન | ૭૫૦ | ૮૧૩ |
| ૨૪ | રજકાનું બી | ૨૭૫૦ | ૬૭૫૦ |
| ૨૫ | કાંગ | ૪૨૫ | ૪૨૫ |

# શાખપુર ગ્રામ પંચાયત મુખ્યમંત્રી અસ્મિતા યોજનામાં અગ્રેસર



દામનગર, તા. ૧૮

ગુજરાત સરકારની મુખ્યમંત્રી અસ્મિતા યોજના શ્રેષ્ઠ ગુણો મેળવનાર ગ્રામ પંચાયતોમાં લાઠી તાલુકાના ત્રણ ગામ ૧), ભુરખિયા ૨), શાખપુર ૩), મતિરાળા ની પસંદગી પામ્યા તેમાં શાખપુર ગામે બીજા નંબરે શ્રેષ્ઠ ગુણો મેળવેલ છે જે બદલ શાખપુર ગ્રામજનો દ્વારા સરપંચ જશુભાઈ ખુમાણનો ખુબ ખુબ આભાર માન્ય હતો મુખ્યમંત્રી અસ્મિતા યોજના હેઠળ અનેક પ્રકારની કામગીરીઓના મૂલ્યાંકન બાદ લાઠી તાલુકા ના ત્રણ ગામો પ્રથમ ભુરખિયા દ્વિતીય શાખપુર અને ત્રિતીય મતિરાળા ગામો ની મુખ્ય મંત્રી અસ્મિતા યોજના હેઠળ પસંદગી પામ્યા છે અનેક પ્રકારના સર્વે પારદર્શી પ્રમાણિક વહીવટ સરળી કરણ ઝડપી કાર્ય નિકાલ પાયાની સુવિધાઓ સહિત ના માપદંડ માં જાગૃત સરપંચની મહેનત રંગ લાવતા સમગ્ર પંથકમાં સરપંચને અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરાય રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું **બંને આરોપીનું રીકન્સ્ટ્રકશન કરાયુ**

હુમલો કરવામાં આવ્યો હતો તે અમરેલીના ભાવકા ભવાની મંદિર ખાતે લઈ જવાયા હતા.

રિકન્સટ્રકશન દરમિયાન આરોપીઓને ભાવકા ભવાની મંદિરથી લઈને ઠેબી ડેમ સુધી લઈ જવાયા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે હુમલામાં વપરાયેલી છરી પણ કબ્જે કરી છે. પોલીસે સુરક્ષાને ધ્યાનમાં રાખીને એએસપી જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ સીટી પી.આઈ. ડી.કે. વાઘેલા સહિતનો વિશાળ પોલીસ કાફલો તૈનાત કર્યો હતો.

ઘટનાસ્થળે આરોપીઓને લઈ જતાં જ લોકોની મોટી ભીડ ઉમટી પડી હતી. લોકો કેસને લઈને ચર્ચા કરતાં દેખાયા હતા. પોલીસે જણાવ્યું કે આ રિકન્સટ્રકશન દ્વારા હુમલાની સચોટ વિગતો બહાર આવશે અને આગળની તપાસમાં મદદ મળશે.

એએસપી જયવીર ગઢવીના જણાવ્યા મુજબ, 'પોલીસ દરેક દિશામાં તપાસ કરી રહી છે, હુમલાખોરોની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે રિકન્સટ્રકશન કરવામાં આવ્યું છે. યુવતી પર થયેલો આ જીવલેણ હુમલો ગંભીર ગુનો છે અને આરોપીઓને કડક સજા થાય તે માટે તમામ પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.'

પોલીસે આ બંને આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરતાં ફરિયાદ પક્ષે અમરેલીના એડવોકટ ચંદ્રેશ મહેતાની દલીલોને ધ્યાને લેતાં આરોપીને બે દિવસના પોલીસ રિમાન્ડ ઉપર સોંપવામાં આવ્યા હતાં.

આ ઘટનાએ સમગ્ર અમરેલીમાં ભારે ચકચાર મચાવી દીધી છે અને લોકો આ યુવતીને યોગ્ય ન્યાય મળે તેવી માંગ કરી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરામાં અવારનવાર વીજળી ગુલ**

કેબલ ફાયર થયો છે વાર લાગશે તેવું કહેવામાં આવે છે અને પછી કલાક બે કલાક બાદ વીજળી આવતા લોકોને રાહત થાય છે.

હાલ ભાદરવા માસના આકરા તડકા અને ભારે બફારા અને ઉકળાટ વચ્ચે લાઈટ જતી રહેતા લોકો ત્રાહિમામ પોકારી જાય છે અને સૌથી વધુ અસર નાના બાળકો અને વૃધ્ધ લોકો પડી રહી છે મોટાભાગના બીમાર અને અશકત લોકો લાઈટ વગર તો અતિ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય છે વળી સરકારી કચેરી તેમજ મોટાભાગના દવાખાના પણ આટકોટ ફીડર હેઠળ આવતા હોય છે એટલે કામકાજ પણ ઠપ્પ થઈ જાય છે.

અમરેલી જિલ્લાના એકપણ તાલુકા સેન્ટર પર આટલા વિજફોલ્ટ આવતા નહિ હોય તેટલા બાબરા શહેરમાં આવી રહ્યા છે કેબલ ફાયર જમ્પર બળવું, તાર ભેગા થવા, ટીસી બળવું, ટ્રીપિંગ જેવા બનાવો શહેરમાં પીજીવીસીએલ માટે સામાન્ય બન્યા છે પણ શહેરના લોકોને કલાકો સુધી લાઈટ વગર મુશ્કેલીઓ વેઠવાની ફરજ પડી રહી છે અહીં ગુરૂવારે પીજીવીસીએલ વિભાગ મોટો કાપ મૂકે છે મરામત કરવાં માટે તેમ છતાં તમામ આટકોટ ફીડર અને અન્ય ફીડર સહિત અન્ય લાઈનમાં ફોલ્ટ સર્જાય છે ત્યારે પ્રશ્ન એ થાય કે ખામી કયાં? શુ કેબલ નબળા છે શુ પીજીવીસીએલના અધિકારીઓ લાઈનનું સુપરવિઝન કરતા નહિ હોઉ વગેરે સવાલ લોકોમાં ઉઠવા પામ્યા છે.

આ વિસ્તારના ધારાસભ્ય દ્વારા તાલુકા અને જિલ્લા સંકલનમાં શહેરના લોકોની વીજ સમસ્યાઓ બાબતે રજુઆત કરી કાયમી નિકાલ કરવા લોકો એ આસ લગાવી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૧૦૦ | ૧૩૮૪ |
| ૨ | કપાસ જુનો | ૧૫૭૧ | ૧૫૭૧ |
| ૩ | ચણા | ૮૪૧ | ૧૧૨૧ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | રાય | ૧૦૧૦ | ૧૦૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૧૭૦ | ૧૩૯૦ |
| ૨ | કપાસ જુનો | ૧૩૬૦ | ૧૪૯૦ |
| ૩ | મગફળી નવી | ૭૨૫ | ૮૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૫ | ૧૮૭૫ |
| ૫ | જીરૂ | ૨૯૩૫ | ૩૬૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૭ | અડદ | ૮૯૫ | ૧૧૭૫ |
| ૮ | મગ | ૧૨૨૯ | ૧૪૧૫ |
| ૯ | ચણા | ૯૯૦ | ૧૦૫૦ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૨૦ | ૧૪૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૨૬ |
| ૪ | મેથી | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૬ | ધાણા | ૯૨૦ | ૯૨૦ |
| ૭ | સોયાબીન | ૭૭૦ | ૭૮૦ |
| ૮ | તુવેર | ૯૦૦ | ૯૫૦ |
| ૯ | અડદ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૭૦ |
| ૧૧ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | મગફળી | ૫૦૦ | ૭૪૨ |
| ૧૩ | ચણા | ૧૦૨૦ | ૧૦૩૫ |
| ૧૪ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |

### કયારેય મરામત કે નવો રોડ બનતો જ નથી

# સા.કુંડલાનો હાથસણી રોડ શાસકો માટે અણમાનિતો બની ગયો

### મહત્વનાં સ્થળો તરફ જતો રોડ બિસ્માર હાલતમાં





સાવરકુંડલા, તા. ૧૮

જાણે કોઈ ઋષિ મુનિનો શ્રાપ મળ્યો હોય એમ સાવરકુંડલા શહેરમાં આવેલ હાથસણી રોડની હાલત જાણે ઓરમાન સંતાન જેવી છે. આમ તો સાવરકુંડલા શહેર કૂદકે ને ભૂસકે વિકાસ પામી રહ્યું છે. મહુવા રોડ હોય, અમરેલી રોડ હોય, જેસર રોડ હોય, ભુવા રોડ હોય, નેસડી રોડ હોય અરે બોઘરિયાણી ખોડીયાર મંદિર રોડ હોય. ચારે તરફ વિકાસના બ્યુગલો વાગી રહ્યા છે. જયારે હાથસણી રોડ એક ઓરમાન સંતાનની માફક બીચારા જેવી સ્થિતિમાં જોવા મળે છે. છેલ્લા કેટલાય સમયથી આ રોડનું નવીનીકરણ થયું જ નથી. જો કે આ રોડ પર જ માનવમંદિર, શિવદરબાર આશ્રમ (કાનાતળાવ) શેલ દેદુમલ ડેમ જેવા ખૂબ મહત્વના સ્થળો આવેલા છે પરંતુ વિધિની વક્તા એ છે કે નગરપાલિકા અને જિલ્લા પંચાયતની વચ્ચે ઝોલા ખાતો આ રોડનું નવીનીકરણ કયારે થશે એ રામ જાણે.

વારંવાર રોડ રિપેર કરવામાં આવે છે, છતાં રોજની હાલત તો બિસ્માર જ રહે છે. સ્થાનિકોની વારંવાર રજૂઆત હોવા છતાં આ રોડને નગરપાલિકા હસ્તક કરવામાં આવ્યો નથી. શહેરના તમામ મહત્વના રોડ જયારે આઈકોનિક રોડ કરવામાં આવે છે પણ આ રોડ રિપેર પણ કરવામાં આવતો નથી અને રીપેર થાય તો ફાટેલ થીંગડાં જેવો. આ ખરાબ રોડના હિસાબે ઘણા એકસીડન્ટ થઈ રહ્યા છે. આ રોડને શહેરના અન્ય વિસ્તાર કરતા શા માટે અલગ રાખવામાં આવે છે. બાબત હજુ પણ આમજનતાની સમજણથી દૂર છે. શહેર અને જિલ્લા પંચાયતના હદ વિસ્તાર વચ્ચે ઝોલા ખાતાં આ રોડનો ભાગ્યોદય કયારે થશે? એ બાબતે લોકોમાં પણ કુતુહલ જોવા મળે છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં અજગરનુ**

હતું અને ત્યારબાદ સંજયભાઈ દ્વારા વન વિભાગને અજગર સોંપવામાં આવ્યો હતો જેથી અજગરને સુરક્ષિત સ્થળે મુકી શકાય. અજગરની લંબાઈ આશરે ૫ થી ૬ ફૂટ ની હતી. આ ઘટના વન્યજીવ સંરક્ષણ અને જૈવ વિવિધતાના મહત્વને ઉજાગર કરે છે. વન વિભાગે લોકોને આવા સંરક્ષિત પ્રાણીઓની નજીક જવાનું ટાળવા અને કોઈપણ અસામાન્ય ઘટનાની તાત્કાલિક જાણ વન વિભાગને કરવા અપીલ કરી છે. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

પાના ૧ ઉપરનું ચાલું **ધારી–અમરેલી માર્ગ પર ૨ સિંહણોની**

ખેતરમાં ફરતી જોવા મળી હતી. ગ્રામજનો દ્વારા આ દ્રશ્ય મોબાઈલ કેમેરામાં કેદ કરાતા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

સવારના સમયે શિકારની શોધમાં બે સિંહણો ખેતરમાં આરામથી લટાર મારતી નજરે ચડયાં હતાં. આ દ્રશ્ય જોતા ગામલોકોમાં એક તરફ ઉત્સાહ તો બીજી તરફ ભયનું મિશ્રણ જોવા મળ્યું હતું. ગીર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોનું સામ્રાજય આજે પણ મજબૂત છે.

તાજેતરની ગણતરી મુજબ અમરેલી જિલ્લામાં જ ૩૩૯ જેટલા સિંહોની નોંધણી થઈ છે. જે આખા ગીર વિસ્તારના સિંહોની સંખ્યા સામે સૌથી વધુ છે. ધારી તાલુકો સિંહોની આવનજાવન માટે મુખ્ય માર્ગ ગણાય છે. જયાં વારંવાર ખેતરો અને રસ્તાઓ પર સિંહો કે સિંહણો જોવા મળતા હોય છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં વડલાના વૃક્ષને**

ઓફિસર અને મામલતદાર કચેરીને કરવામાં આવી હતી. આશા રાખવામાં આવી હતી કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જવાબદાર વ્યકિતઓ સામે કડક પગલાં લેવામાં આવશે અને પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ કાયદેસર કાર્યવાહી થશે. પરંતુ, ત્રણ દિવસ પછી પણ કોઈ જ પ્રકારની તપાસ કે કાર્યવાહી શરૂ ન થતા, તંત્રની કામગીરી શંકાના ઘેરામાં આવી છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણ સંસ્થાઓએ માગ કરી છે કે તંત્ર આ મામલે તાત્કાલિક પગલાં ભરે અને આવા કૃત્ય કરનાર સામે કડકમાં કડક સજા કરે, જેથી ભવિષ્યમાં આવા બનાવો ફરી ન બને. જો તંત્ર હજુ પણ નિષ્ક્રિય રહેશે તો આ મામલે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હજુ અઠવાડિયા પણ નથી ગયા વનમહોત્સવની ઉજવણી સરકાર દ્વારા કરવામાં આવી હતી જેમાં મુખ્યમંત્રી તેમજ ધારાસભ્યો હાજર રહ્યા હતા અને પર્યાવરણ બચાવવાની શપથ લેવામાં આવી હતી આ લીધેલ શપથના ધજાગરા ઉડાવી દેતો બનાવ.


**જાહેર નોટિસ**

મોજે :– અરજણસુખ, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી. દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂ. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| અરજણસુખ, તા. વડિયા–કુંકાવાવ જિ. અમરેલી | ૮૬૦ | ૧૪૮ પૈકી ૨/ પૈકી ૧ | ૦–૮૪–૯૪ | ૩.૮૫ | રૂષભ રમેશભાઈ રામાણી (૨૦ ટકાના હિસ્સેદાર) |
| | ૮૬૦ | ૧૪૬/૧ | ૧–૮૩–૧૨ | ૭.૧૨ | પંકજભાઈ શિવાભાઈ ખુંટ (૨૦ ટકાના હિસ્સેદાર) ભીમજીભાઈ કેશાભાઈ ખુંટ (૪૦ ટકાના હિસ્સેદાર) અશ્વિનભાઈ શિવાભાઈ ખુંટ (૨૦ ટકાના હિસ્સેદાર) |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ – અલગ સંયુકત અને સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

તે અમારા અસીલની સુચનાથી

**તારીખ : ૧૭/૦૯/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૯૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૧૫ |
| ૨ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| ૪ | બાજરો | ૩૫૫ | ૪૬૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૫૫ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૮૧૧ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | અડદ | ૧૫૦૬ | ૧૫૦૬ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૮૦૧ | ૩૨૦૧ |

### શહેરી વિકાસ વર્ષ અંતર્ગત

# અમરેલી ખાતે નગર સેવા સદન દ્વારા લોક કલ્યાણ મેળાનુ આયોજન થયુ

## યોજનાનાં લાભાર્થીઓને ચેક વિતરણ



યોજનાના કર્મચારીગણ તેમજ શહેરના નાગરિકો તથા pm swanidihi



યોજનાના લાભાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.


અમરેલી, તા. ૧૮

આજરોજ તારીખ ૧૮/૯/૨૫ના રોજ અમરેલી નગરપાલિકા દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર હોલ, અમરેલી ખાતે શહેરી વિકાસ વર્ષ–૨૦૨૫ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન PM SVANidihi યોજના અંતર્ગત ''લોક કલ્યાણ મેળા''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં PM SVANidihi યોજનાના લાભાર્થીઓને રીકેમેન્ડેશન લેટરનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ચીફ ઓફીસર વિનોદભાઈ રાઠોડ અન્ય અધિકારીઓ તેમજ એનયુએલએમ

### દર્દીનારાયણની સેવામાં ઉમદા કાર્ય

# સાવરકુંડલામાં ડાયાબિટિસનાં દર્દીઓને સેવાભાવી યુવક દ્વારા નિઃશુલ્ક ગ્લુકોમીટર એનાયત

## યુવા હાર્દિક રૂપારેલ દ્વારા પ્રેરણાદાયી કાર્ય







સાવરકુંડલા, તા. ૧૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં દર્દીનારાયણની સેવા માટે એક યુવકે અનોખી પહેલ કરી છે. શહેરના મહુવા રોડ પર આવેલા શ્રીજી મેડિકલ સ્ટોરના સંચાલક હાર્દિકભાઈ રૂપારેલ વર્ષોથી દવાની સેવા આપે છે. પરંતુ તાજેતરમાં તેમને એવો વિચાર આવ્યો કે સમાજના ગરીબ વર્ગના દર્દીઓ માટે કંઈક અલગ અને અર્થપૂર્ણ કરવું જોઈએ. આ વિચારને સાકાર કરતાં તેમણે ડાયાબિટીસના દર્દીઓ માટે નિશુલ્ક ગ્લુકોમીટર વિતરણ કરવાની સેવા શરૂ કરી છે.

હાર્દિકભાઈ જણાવે છે કે તેમના મેડિકલ સ્ટોર પર અવારનવાર ગરીબ અને મધ્યમવર્ગના લોકો આવે છે. ડાયાબિટીસ આજના સમયમાં સૌથી સામાન્ય બીમારી છે અને તેના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ડોકટરોએ આવા દર્દીઓને નિયમિત બ્લડ શુગર ચકાસવા સલાહ આપેલી હોય છે. પરંતુ દર વખતે લેબોરેટરી કે હોસ્પિટલ સુધી જવું મુશ્કેલ બને છે. એમાં સમય અને પૈસાનો બંને ખર્ચ થાય છે. ઘણા દર્દીઓ તો આ કારણે તપાસ કરાવતા નથી, જેના કારણે તેમની તબિયત પર ગંભીર અસર પડે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાર્દિકભાઈએ પોતાના મેડિકલ સ્ટોર મારફતે ગ્લુકોમીટર ખરીદી અને જરૂરિયાતમંદ દર્દીઓને નિશુલ્ક આપવાનું શરૂ કર્યું. એક ગ્લુકોમીટરની કિંમત ૫૦૦ થી ૬૦૦ રૂપિયા જેટલી આવે છે, જે ગરીબ દર્દીઓ માટે મોટો ખર્ચ ગણાય છે. હાર્દિકભાઈનો હેતુ એ છે કે દર્દીઓ ઘરે બેઠા જ પોતાનું શુગર લેવલ ચકાસી શકે અને તબિયત પર નિયંત્રણ રાખી શકે.

હાર્દિકભાઈએ જણાવ્યું કે અત્યાર સુધી તેઓ ઘણા દર્દીઓને ગ્લુકોમીટર આપી ચૂક્યા છે અને આગામી સમયમાં પણ પોતાની ક્ષમતા મુજબ આ સેવા ચાલુ રાખશે. તેમણે જણાવ્યું કે આ સેવા તેમની પોતાની માનવીય ભાવના પરથી શરૂ કરવામાં આવી છે. સમાજમાં રહેલા ગરીબ વર્ગના દર્દીઓ માટે થોડી સહાયરૂપ થવાનો તેમનો હેતુ છે.

આ પહેલને કારણે સાવરકુંડલા શહેરમાં દર્દીનારાયણની સાચી સેવા થતી જોવા મળી રહી છે. હાર્દિકભાઈની આ કામગીરીથી સમાજના અન્ય લોકો પણ પ્રેરિત થઈ શકે છે. માત્ર નફાખોરીના બદલે, માનવ સેવા માટે કરવામાં આવેલું આ અનોખું કાર્ય પ્રશંસનીય છે.

ડાયાબિટીસ જેવી બીમારીને નિયંત્રિત કરવા માટે નિયમિત તપાસ આવશ્યક છે. ગ્લુકોમીટર મળવાથી દર્દીઓને હોસ્પિટલ કે લેબોરેટરી સુધી જવાના ચક્કર ટળે છે. આથી તેઓને સમય, પૈસા અને તકલીફ ત્રણેયમાંથી રાહત મળે છે. ખાસ કરીને ગરીબ વર્ગના દર્દીઓ માટે આ સેવા આશીર્વાદ સમાન છે.

હાર્દિકભાઈ રૂપારેલની આ પહેલ માત્ર મેડિકલ સેવા નથી, પરંતુ માનવતા માટેની સાચી ભાવના છે. આ કાર્ય સમાજમાં સંવેદનશીલતા, સહકાર અને સેવાભાવના ઉદાહરણ રૂપે હંમેશાં યાદ રહેશે.

# સાવરકુંડલા : પોલીસ સ્ટેશન દ્વારા સુરક્ષા સોસાયટી અંતર્ગત વિવિધ પ્રવૃતિઓનું આયોજન





અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા સુરક્ષા સોસાયટી અંતર્ગત બિનનિવાસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો અને મહિલાઓ માટે વિવિધ રચનાત્મક તેમજ પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ યોજાઈ. કેમ્પની શરૂઆત પ્રાર્થના કાર્યક્રમથી કરવામાં આવી હતી. જેના દ્વારા સૌમાં સંસ્કાર અને એકતા પ્રત્યે જાગૃતિ લાવવામાં આવી. ત્યારબાદ પુસ્તક સમીક્ષા કાર્યક્રમ યોજાયો, જેમાં બાળકોને વાંચનપ્રેમી બનવા તેમજ પુસ્તકોમાંથી નવી માહિતી મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

મહિલા સશક્તિકરણ અંગે પણ ખાસ સત્ર યોજાયું, જેમાં મહિલાઓને તેમના અધિકારો, આત્મનિર્ભરતા અને સમાજમાં સક્રિય ભૂમિકા નિભાવવાની દિશામાં માર્ગદર્શન અપાયું. સાથે સાથે કેમ્પમાં ઈન્ડોર અને આઉટડોર ગેમ્સનું પણ આયોજન કરવામાં આવ્યું, જેથી બાળકોમાં શારીરિક તંદુરસ્તી સાથે ટીમવર્ક અને સ્પોર્ટસમેનશિપનો વિકાસ થાય.

સુરક્ષા સોસાયટી અંતર્ગત આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં વિશ્વાસ, સંસ્કાર અને જાગૃતિ વધે છે, તેમજ પોલીસ અને નાગરિકો વચ્ચેનો સકારાત્મક સબંધ મજબૂત બને છે.

# અમરેલી ખાતે કોળી સમાજ દ્વારા ૧૬ નવેમ્બરે સમૂહ લગ્ન યોજાશે

અમરેલી, તા. ૧૮

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનો ૪૨ મો સમુહલગ્ન કોળી શકિત યુવક મંડળ –અમરેલી દ્વારા આયોજન તા. ૧૬/૧૧/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે.

માતા–પિતાની છત્રાછાય ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક–યુવતી દિકરીઓને વિનામૂલ્યે લગ્ન. સરકાર દ્વાર સમુહ લગ્ન સાતફેરા યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે. લગ્ન નોંધણી વહેલા તે પહેલા કરવામાં આવશે. નીચે સરનામે મંડળ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ શ્રીરામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, હરીરામ હોલસેલ માર્કેટ, દુ.નં. ૧૩, પહેલા માળે, અમરેલી ૯૩૭૪૭૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭૯૮૬૪૭ તથા રમેશભાઈ આર. ડાભી (ચિતલ) મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

# માવતરનું કેમ શ્રાદ્ધ કરશો



અમરેલી, તા. ૧૮

જીવતાં હશે તેઓ ત્યારે જો આઘાત કરશો,તો મર્યા પછી એ માવતરનું કેમ શ્રાધ્ધ કરશો ?બોલતાં શીખવાડયું જેણે એને ના કરજો મૌન

જાતે જાતને, નહીં તો પછી કેમ માફ કરશો ?મંદિરની માને ઓઢ ડજો ચુંદડી અચૂક તો જ જો ઘરની માને નવી સાડીથી આબાદ કરશો

માનો ખોળો અભય છે, બાપનો ખભ્ભો ઓથ એ મર્યા પછી શું અરૂણ્ય રૂદનનાં જાપ કરશો ?

મૂકશો વૃદ્ધાશ્રમે તો ભાવિ એ જશો અનાથાશ્રમે માવતરને તિરસ્કૃત કરવાનું ના એવું પાપ કરશો શ્રવણ ન બની શકો તો છેવટે રોડવી તો લેજો જ

ચામડીનાં જોડાંથી ન ઉતરે એ ૠણમાં કાપ કરશો

હેતુ વિનાનાં હેતને,પોંખી લ્યો જીવતાં ભગવાનને

મર્યા પછી તો એ માવતર બસ ફોટામાં યાદ કરશો

**– મિત્તલ ખેતાણી**
**(રાજકોટ, મો.૯૮૨૪૨૨૧૯૯૯)**
નાં કાવ્ય સંગ્રહ ''સ્વાન્તઃ સુખાય''માંથી

### મહંત પૂ. વિજયબાપુનાં સાંનિધ્યમાં

# સાવરકુંડલાનાં ધાર રામદેવ પીર આશ્રમ ખાતે સતાધાર અલખ યાત્રાનાં સંચાલકોનુ સન્માન

## પ્રધાનમંત્રીનાં જન્મદિને વિશેષ કાર્યક્રમ યોજાયો



સાવરકુડલા, તા. ૧૮

ધર્મજાગરણ સૌરાષ્ટ પ્રાંત દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સાવરકુડલાથી પૂ. આપાગીગાની જગ્યા, સત્તાધાર સુધી અલખની યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દર વર્ષની ભાદરવા સુદ બીજના રોજ આ યાત્રા યોજાઈ રહી છે જેમાં રસ્તામાં આવતા તમામ ગામોમાં સતાધાર અલખ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે અને હજારો લોકો યાત્રામાં સામેલ થઈને ધન્યતા અનુભવે છે. આ વર્ષે બે રૂટમા યાત્રા નિકળી હતી. અમરેલી વાગ્દેવતા મંદિરથી વાયા બગસરાના રૂટ ઉપર તેમજ સાવરકુડલા કાનજીબાપુની જગ્યાએથી વાયા ચલાલા, ધારી થઈને સત્તાધાર પહોંચી હતી. સત્તાધાર મહંત પૂ. વિજયબાપુ દ્વારા યાત્રાનું સ્વાગત કરીને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ યાત્રાને સફળ બનાવવા કાર્યકરોએ અથાગ મહેનત કરી હતી. વિવિધ સમિતિઓના મુખ્ય કાર્યકર્તાઓને સન્માનિત કરવા માટે પૂ. વિજયબાપુના અધ્યક્ષ સ્થાને રામદેવજી આશ્રમ–ધાર (સાવરકુંડલા) ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું જેમાં સતાધાર અલખ યાત્રા સમિતિના તમામ કાર્યકર્તાઓનું પૂ. વિજયબાપુના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસ નિમિતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરીને તેમની સેવાઓની સહદય નોંધ લઈને પૂ. વિજયબાપુ તથા સંતોએ તેમને આશીર્વાદ આપીને શુભકામનાઓ પાઠવી હતી તેમજ તેમના સ્વાસ્થ્ય અને દિર્ધાયુષ માટે પ્રાર્થના કરી હતી.રામદેવજી આશ્રમ ધારના મહંત પૂ. ગણપતબાપુના યજમાનપદે યોજાયેલ સભામાં ખોડીયાર માતાજી મંદિર–નેસડીના મહંત પૂ. લવજીબાપુ, નાગદેવતા મંદિરના મહંત હાર્દિકગીરી, કાનજીબાપુની જગ્યા સાવરકુડલાના મહંત હસુબાપુ, આપાગીગાની જગ્યા, આંબાના મહંત ઘનશ્યામબાપુ, ધર્મજાગરણ મંચ ગુજરાતપ્રદેશના કીરીટભાઈ ભટ્ટ, સૌરાષ્ટ પ્રાંતના દેવેન્દ્રભાઈ દવે, અશોકસિંહ જાડેજા, મોટાભાઈ સંવટ સહિત મોટી સંખ્યામાં સાધુ સંતોએ ઉપસ્થિત રહીને કાર્યકર્તાઓનું સન્માન કરેલ હતું તેમજ પ્રધાનમંત્રીને શુભકામનાઓ પાઠવી હતી. સૌરાષ્ટ ધર્મજાગરણ મંચ દ્વારા આજનો આ કાર્યક્રમ નરેન્દ્રભાઈને સમર્પિત કરવામાં આવ્યો હતો.અમરેલી જિલ્લા ધર્મજાગરણ મંચના સંયોજક ભીખુભાઈ અગ્રાવત દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સર્વ દિગંતભાઈ ભટ્ટ, દિલાવરભાઈ લલિયા, ભીખાભાઈ કાબરીયા, રસિકભાઈ વેકરીયા, રમેશભાઈ ગોહિલ, ટીનુભાઈ લલિયા, સલીમભાઈ રાઠોડ, રશ્મીનભાઈ ત્રિવેદી, ડો. સમીર સંવટ, બહાદુરભાઈ વાળા, ગોરધનભાઈ સેંજલિયા સહિત વિશાળ સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. આશ્રમના લઘુ મહંત ધ્રુવબાપુ દ્વારા ભોજન પ્રસાદ સહિત તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### છેલ્લા ૨૦ વર્ષથી કરે છે કાર્ય

# બાબરામાં નવરાત્રિનું પર્વ નજીક આવતા ડબગર જાતિ વાજિંત્રોની મરામત કરવામાં મશગુલ

## પેઢી દર પેઢીથી વ્યવસાય કરતા ડબગર જાતિ રાજ્ય સરકારની આર્થિક મદદની રાહમાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરામાં ડબગર જાતિના એકજ પરિવાર વર્ષોથી રહી વાજિંત્રોની મરામત કરી પરિવારનું ગુજરાન ચલાવે છે નવરાત્રી જેવા તહેવારમાં આ પરિવારને થોડો ઘણો વ્યવસાય ચાલે બાકીના દિવસોમાં માંડ માંડ મજૂરી નીકળે તેટલું કામ થાય ત્યારે આ જાતિના પરિવાર રાજયસરકાર પાસે મોટી આસા રાખીને બેઠું છે પણ આજદીન સુધી આ ડબગર જાતિના લોકોને રાજય સરકાર દ્વારા કોઈ યોજનામાં આર્થિક મદદ મળે કે તેના વ્યવસાયમાં કોઈ સહાય મળે તે દિશામાં કામ કર્યુ નથી.

ભાવનગર જિલ્લાના ધોળા ગામના અને છેલ્લા ૨૦ વરસથી બાબરામાં સ્થાયી થઈ તબલા સહિતના વાજિંત્રો મરામત અને વેચાણ કરવાનું કામ કરતા ડબગર જાતિના વર્ષાબેન પરમારે જણાવ્યું હતું કે અમો આ વ્યવસાય બાપ દાદા વખતની કરતા આવ્યા છીએ અમારૂ મૂળ રાજસ્થાન અને વર્ષો પહેલાં ગુજરાત આવ્યા અને ત્યારબાદ સૌરાષ્ટ્ર અલગ અલગ જગ્યાએ આ વ્યવસાય અમારી જાતિના લોકો કરવા લાગ્યા છે.

પહેલા આ વ્યવસાયમાં ખૂબ સારૂ હતું કારણ કે શેરી ગરબીઓ પ્રભાત ફેરીઓ થતી તેમજ ગામડે ધૂન અને દેશી ભજનના આયોજન થતા પણ સમય રહેતા આ બધું ધીમે ધીમે બંધ થયું અને પાલટી પ્લોટ અને ઈલેકટ્રોનિક સંગીતના સાધનો આવી ગયા જેની સીધી અસર અમારા ધંધા પર પડી છે

વર્ષાબેન આગળ વધુ જણાવ્યું હતું કે પોતાને પાંચ દીકરીઓ છે પતિનું અવસાન થયું તેને ૧૨ વરસ થયા ત્યારબાદ પોતાના ધંધાની સાથે દીકરીઓનો ઉછેર તેનું શિક્ષણ અને વરાવી પરણાવી વગેરે જવાબદારી એકલે હાથે ઉપાડવાની ફરજ પડી પણ જીવનમાં કદી નિરાશ નથી થઈ હાલ નવરાત્રી દરમિયાન સિઝન વધુ રહે તો પોતાના સગા વ્હાલમાં એકાદ ભાઈ આવી મદદ કરે બાકી પોતે બધું સભાળી લે છે

અહીં તબલા, ઢોલ, ઢોલક, નગારૂ, ડાક, ખંજરી, મંજીરા, કડતાલ, ઝાંઝ સહિતના વાંજીત્રોની મરામત અને વેચાણ કરવામાં આવે છે.

# સાવરકુંડલાનાં ધજડી ગામની આદર્શ વિકાસગાથા : બની ગયુ ગોકુળિયુ ગામ










સાવરકુંડલા તાલુકામાં આવેલું ધજડી ગામ આજે એક પ્રગતિશીલ અને આદર્શ ગામ તરીકે ઉભરી આવ્યું છે. ગામની ઓળખ ખેતી સાથે ગાઢ રીતે જોડાયેલી છે. અહીંનો મોટાભાગનો પ્રજા વર્ગ ખેતી પર આધારિત છે. જમીન, મહેનત અને પરિશ્રમથી ગામલોકો જીવન નિર્વાહ કરે છે. તેમ છતાં માત્ર ખેતી સુધી સીમિત ન રહી ગામે સર્વાંગી વિકાસના અનેક કાર્ય કરીને પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ગામના આગેવાન ભરતભાઈ ધડુંક જણાવે છે કે ધજડી ગામમાં વિકાસની દિશામાં એક પછી એક મહત્વપૂર્ણ કામો હાથ ધરવામાં આવ્યા છે. ગામની કુલ વસ્તી આશરે ૩૫૦૦ વ્યકિતઓની છે, જેમાંથી લગભગ ૨૨૦૦ વ્યકિતઓ ગામમાં જ વસવાટ કરે છે. ગામની જનતા, આગેવાનો, દાતાઓ અને સ્થાનિક તંત્રના સંકલનથી ગામે જે પ્રગતિ કરી છે તે બીજા ગામો માટે પ્રેરણાસ્ત્રોત બની શકે તેવું છે. ધજડી ગામની વિશેષતા એ છે કે અહીંના લોકો ધાર્મિક કાર્ય અને સામાજિક એકતા માટે ખૂબ જ આગ્રહી છે. ગામના લગભગ તમામ મંદિરોનું જીણોદ્ધાર કરવામાં આવ્યું છે. માત્ર જાળ વણી પૂરતી નહીં, પરંતુ મંદિરોને આધુનિક રૂપમાં નવીન બનાવવામાં આવ્યા છે. આ મંદિરો માત્ર પૂજા–અર્ચનાનું કેન્દ્ર જ નહીં, પરંતુ ગામના સામૂહિક મિલન અને સંસ્કૃતિના પ્રતીક બની ગયા છે. મંદિરોના નિર્માણ અને જીણોદ્ધાર માટે ગામના દાતાઓએ દિલખોલીને સહકાર આપ્યો છે, સાથે જ સરકારની સ્થાનિક ગ્રાન્ટોનો પણ યોગ્ય ઉપયોગ થયો છે. ગામના વિકાસમાં ૧૦૦ટકા સ્ટ્રીટલાઈટનું કામ એક મોટું સિદ્ધિરૂપ કાર્ય છે. ગામના દરેક ખૂણામાં રાત્રી સમયે પૂરતો પ્રકાશ ઉપલબ્ધ રહે છે. ખાસ કરીને ગામથી લઈને ખાંભા–સાવરકુંડલા રોડ સુધી સ્ટ્રીટલાઈટ લગાડવામાં આવી છે. આ કારણે મુસાફરોને સહેલાઈ થાય છે અને રાત્રિના સમયે સુરક્ષા અને અકસ્માતની સમસ્યાઓ પણ ઘટી ગઈ છે. ગામનું આ કાર્ય અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે એક નવો ધોરણ ઉભો કરે છે. પરિવહન સુવિધા ગામના વિકાસનું મુખ્ય પરિમાણ છે. ધજડી ગામના દરેક રસ્તાઓને પેવર બ્લોક વડે મજબૂત બનાવવામાં આવ્યા છે. અગાઉ વરસાદી મોસમમાં કાદવ, કચ્છડ અને અવરજવર જેવી સમસ્યાઓ આવતી હતી. પરંતુ હવે પેવર રોડને કારણે ગામમાં સફાઈ જળવાઈ રહે છે અને વાહન વ્યવહાર સરળ બન્યો છે. બાળકો હોય કે વૃદ્ધો, સૌને આરામદાયક અવરજવર ઉપલબ્ધ થઈ છે. ગામના બાળકો માટે પણ ઉત્તમ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગામની શાળા અને બાલમંદિર બંને પાકા મકાનોમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. બાળકોને શિક્ષણ માટે સુરક્ષિત, સુવિધાસભર અને આરામદાયક વાતાવરણ ઉપલબ્ધ થયું છે. પાકા મકાનોને કારણે શાળામાં વર્ષભર શૈક્ષણિક પ્રવૃત્તિઓ સરળતાથી થઈ શકે છે. શિક્ષણમાં ગામના આગેવાનોનો ખાસ રસ હોવાથી ભવિષ્યના પેઢીને ઉત્તમ માર્ગદર્શન મળી રહ્યું છે. ધજડી ગામની વિકાસ યાત્રાનો સૌથી મોટો આધાર સ્તંભ છે ગામલોકોની એકતા અને દાતાઓનો સહયોગ કોઈપણ કામમાં દરેક નાગરિક પોતાનો ફાળો આપવા આગળ આવે છે. આથી જ મંદિરોના નિર્માણથી લઈને રસ્તા, શાળા અને સ્ટ્રીટલાઈટ જેવા મોટા પ્રોજેકટસ સફળતાપૂર્વક પૂરાં થઈ શક્યા છે. ગામ લોકોમાં વિકાસ માટેની સકારાત્મક દ્રષ્ટિ અને સહકારભાવ જ ગામને આગળ વધારવા માટે પ્રેરણા પૂરૂ પાડે છે. આજે ધજડી ગામ ગોકુળિયું ગામ તરીકે ઓળખાય છે. ખેતીથી જીવન નિર્વાહ કરતા આ ગામના લોકોએ એકબીજાના સહકારથી વિકાસના અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. મંદિરોથી લઈને રસ્તાઓ સુધી અને શાળાોથી લઈને લાઈટોની વ્યવસ્થા સુધી દરેક ક્ષેત્રે ગામ આગળ વધી રહ્યું છે. ભરતભાઈ ધડુંકના શબ્દોમાં ''ગામનો વિકાસ માત્ર ઈંટ–પથ્થરનો નહીં પરંતુ ગામની એકતા, સંસ્કૃતિ અને સંસ્કારનો પ્રતિબિંબ છે.'' ખરેખર, ધજડી ગામનું મોડેલ અન્ય ગામોને પ્રેરણા પૂરૂ પાડે એવું છે.





### સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા બંદોબસ્ત વચ્ચે

# બાબરાનાં ચમારડી ખાતે નદીના વહેણમાં કરાયેલ દબાણ દુર કરાયુ

## મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજુઆત બાદ કાર્યવાહી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકાના ચમારડી ગામે નદીના વહેણમાં દબાણ કરવામાં આવ્યું હતું. આ બાબતે અનેક વાર રજુઆત કરવા છતાં દબાણ દૂર કરવામાં આવતું નોહતું. ત્યારે અરજદાર દ્વારા મુખ્યમંત્રી સ્વાગત ફરિયાદ નિવારણમાં આધાર પુરાવા સાથે રજુઆત કરવામાં આવતા મુખ્યમંત્રી દ્વારા સીધો આદેશ કરવામાં આવતા તંત્ર દ્વારા પુરતા પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો


# અમરેલી જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વેમાં રહેલી ખામીઓ દુર કરી ખેડૂતોને ન્યાય આપો

## ખેડૂતોને ફરી કોઈ મુશ્કેલી ન પડે તેવી કામગીરી કરવા માંગ

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ ક્રોપ સર્વે /સેટેલાઈટ સર્વે કરવામાં આવેલ છે, પરંતુ આ સર્વેમાં ઘણી ખામીઓ રહેલ જણાઈ આવી છે. ખેડૂતોના સર્વે નંબર તથા વાવેતર કરાયેલા પાકોની હકીકત સાથે મેળ નખાતા આંકડાઓ પ્રકાશમાં આવ્યા છે, જેના કારણે ખેડૂતોને ફરીથી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહે તેમ



છે. ત્યારે સરકાર દ્વારા અગાઉ કરાવાયેલ રજીસ્ટ્રેશન રદ કરી ફરીવાર સર્વે કરવાની



જાહેરાત કરવામાં આવી છે. પરંતુ હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

### વન મહોત્સવનાં માહોલ વચ્ચે

# સાવરકુંડલામાં વડલાના વૃક્ષને ઉખાડી નાખવાના કેસમાં તંત્રની નિષ્ક્રિયતા પર સવાલ

## વૃક્ષોનુ વાવેતર કરવા સાથે જતન પણ જરૂરી

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં એક વડલાના વિશાળ વૃક્ષને ગેરકાયદેસર રીતે ઉખાડી ફેંકવાની ઘટનાને ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં, આજદિન સુધી વહીવટી તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલો પાલિકા તંત્ર અને સાવરકુંડલા મામલતદાર સુધી પહોંચાડવામાં આવ્યો હોવા છતાં, તેમની નિષ્ક્રિયતા તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કરી રહી છે. સાવરકુંડલા શહેરના જેસર રોડ પર વર્ષો પહેલા રોડની બંને સાઈડમાં



વૃક્ષો વાવી અને આ રોડ પર પર્યાવરણ અને સૌંદર્ય વધારવાનું કામ કરવામાં આવ્યું હતું તે વૃક્ષોને એક પછી એક



મનફાવે તેમ ઉખાડી નાખવામાં આવી રહ્યા છે. કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ઉખાડી નાખવાની ઘટનાથી પર્યાવરણ પ્રેમીઓમાં ભારે આઘાત અને ગુસ્સો છે. આ ઘટનાની જાણ તાત્કાલિક અસરથી પાલિકા ચિફ

અનુસંધાન પાના ૬ ઉપર









### મોસમી બીમારી સાથે વાયરલ ઈન્ફેકશન ઝડપથી ફેલાતા

# બાબરાનાં સામૂહિક આરોગ્યમાં દરરોજ ૩૦૦થી વધુ દર્દીઓ : શરદી, ઉધરસ જેવા રોગોએ ઉપાડો લીધો

## બાળકો અને વૃદ્ધ વધુ બીમાર બન્યા છે : ડો. વ્હોરા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૮

બાબરામાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી લાઈન લાગી છે. મોટાભાગના દર્દીઓ વાઈરલ ઈન્ફેકશનના શિકાર બન્યા છે. જેમાં તાવ, શરદી, ઉધરસ વગેરે મોટાભાગે બાળકો અને મોટી ઉંમરના લોકો વધુ બીમાર પડી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

અહીં સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસર ડો. સાકીર વ્હોરાએ જણાવ્યું હતુ કે હાલ અહીં હોસ્પિટલમાં સામાન્ય ઓપીડી કરતા વધુ જોવા મળી છે. ૧૦૦ થી ૧૫૦ સુધીની ઓપોડી સામે હાલ વાઈરલના કારણે ૩૦૦ થી વધારે જોવા મળી રહી છે. જેનું કારણ હજુ ચોમાસું પૂર્ણ થયું પણ હજુ બેવડી ઋતુ જોવા મળી રહી છે તેમજ તહેવાર હજુ ગયા એટલે લોકો પણ બેકાળજી રહ્યા હોય એટલે વાઈરલ ઈન્ફેકશનનો શિકાર થાય. તાવ, શરદી, ઉધરસના કેસો વધુ છે પણ તમામ દર્દીઓને અહીં દવા, ઈન્જેકશન અને બાટલાની સારવાર મળ્યાં બાદ સાજા થઈ જાય છે. અમુક ડેન્ગ્યુના કેસ સામાન્ય આવે છે પણ તેઓની સારવાર અહીં હોસ્પિટલમાં કરવામાં આવે છે.

અહીં તાલુકા વાઈરલ ઈન્ફેકશનના કારણે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓની ભીડ જોવા મળી રહી છે.

# ધારી-અમરેલી માર્ગ પર ૨ સિંહણોની લટાર મારતો વીડિયો થયો વાયરલ



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં ફરી એકવાર જંગલની રાણીનો કેટવોક જોવા મળ્યો છે. ધારી-અમરેલી માર્ગ પાસેના મોરજર ગામ નજીક સવારે બે સિંહણો

અનુસંધાન પાના ૬ ઉપર

### સલામત સવારી, એસ.ટી. અમારી માત્ર કહેવાની

# અમરેલીથી કૃષ્ણનગર તરફ જતી એસ.ટી. બસ વરસડા નજીક હાંફી ગઈ

## બાળકો, મહિલાઓ સહિતનાં મુસાફરો પરેશાન



અમરેલી, તા. ૧૮

વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં માહોલમાં સરકારી એસ.ટી. બસની જાળવણી નિયમિત થતી નહોવાથી અવારનવાર માર્ગ વચ્ચે અટકી જતી હોય "સલામત સવારે, એસ.ટી. અમારી" સુત્ર માત્ર કહેવાનું બની ગયું છે. આજે ગીરગઢડા-અમરેલી- અમદાવાદ- કૃષ્ણનગર રૂટની બસ અમરેલીથી ઉપડીને ૧૦ કિ.મી. દુર વરસડા પહોંચતા બંધ થતાં બાળકો, મહિલાઓ સહિતનાં મુસાફરો પરેશાન થયા હતા.

# સાવરકુંડલામાં અજગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલામાં ગઈકાલે સાંજના સમયે મારુતિ મોટર્સ ગેરેજ (રાજુભાઈ નેસડી વાળા), સ્વામિનારાયણ મંદિર પાસે પીજીવીસીએલના વીજપોલ પડેલ હોય, તેમાં ત્યાંના દુકાનદારો તથા રોડ પર ચાલતા લોકોનું પ્રયાન અજગર પર જતા આ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવી હતી.

સાવરકુંડલાના સેવાભાવી એવા સંજયભાઈ ચોટલીયા દ્વારા અજગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર






### પીજીવીસીએલની ગુનાહિત બેદરકારી

# બાબરામાં અવારનવાર વીજળી ગુલ થતાં શહેરીજનોમાં ભારે નારાજગી

## કલાકો સુધી વીજળી વિના સૌ કોઈ પરેશાન

બાબરા, તા. ૧૮

બાબરામાં વીજ સમસ્યાઓને લઈ આજ દિન સુધી કોઈ ફેરફાર જોવા મળતો નથી વિજતંત્રના અધિકારીઓની ઘોર બેદરકારીના કારણે શહેરના લોકો મેં વીજ ફોલ્ટનો સામનો કરવાની ફરજ પડે છે અને કલાકો સુધી વીજળી વગર રહેવાની ફરજ પડી જાય છે શહેરમાં આટકોટ ફીડરમાં વારે વારે ફોલ્ટ સર્જાય છે લોકો પીજીવીસીએલ કચેરીમાં ફોલ્ટ સેન્ટરમાં ફોન કરે તો

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)